
# અક્ષત




## લેખક : યોગેશ્વર

## NOTICE

### સર્વ હક્ક લેખકને સ્વાધીન
### All rights reserved by Author

The content of this e-book may be used as an information resource. Downloading or otherwise transmitting electronic copies of this book or portions thereof, and/or printing or duplicating hard copies of it or portions thereof is authorized for **individual non-profit use ONLY**. Any other use including the reproduction, modification, distribution, transmission, republication, display or performance of the content of this book for commercial purposes is strictly prohibited.

Failure to include this notice on any digital or printed copy of this book or portion thereof; unauthorized registration of a claim of copyright on this book; adding or omitting from the content of it without clearly indicating that such has been done; or profiting from transmission or duplication of it, is a clear violation of the permission given in this notice and is strictly prohibited. Violators will be prosecuted.

Permission for use beyond that specifically allowed by this notice may be requested in writing from Swargarohan, Danta Road, Ambaji (North Gujarat) INDIA.



**e-book**

| | |
|---|---|
| Title | : Akshat |
| Language | : Gujarati |
| Version | : 1.0 |
| Pages | : 108 |
| Created | : August 21st 2007. |


## NOTE

This e-book is a manifestation of our humble effort to present Shri Yogeshwarji's literary work in digital format. Due care has been taken in preparing the material of this e-book from its original print version. However, if you find any error or omissions, do not feel offended and please let us know. We will welcome your comments.

☼ ☼ ☼ ☼ ☼


## શ્રી યોગેશ્વરજી

(૧૫ ઓગષ્ટ, ૧૯૨૧ - ૧૮ માર્ચ, ૧૯૮૪)



"મનુષ્ય જીવનનું એકમાત્ર ધ્યેય પરમાત્માની પ્રાપ્તિનું છે."

### શ્રી યોગેશ્વરજીના હસ્તાક્ષર



## પ્રસ્તાવના

મારા અત્યાર સુધી પ્રકટ થયેલા આવા સંગ્રહો - અનંત સૂર, ફૂલવાડી, સનાતન સંગીત તથા પરિમલ સાહિત્યરસિક જનતામાં સારી પેઠે પ્રિય બન્યા છે ને પ્રસંશા પામ્યા છે. આ સંગ્રહ પણ તેવી જ રીતે પ્રિય બનશે એવી આશા છે. જીવનવિકાસના સાધકોને આમાંથી જીવનોપયોગી સામગ્રી સાંપડી શકશે.

આમાંના અનેક અંશો જન્મભૂમિ-પ્રવાસીમાં પ્રકાશિત થયા ત્યારે અત્યંત આદરપાત્ર થઈ પડેલા એ ખાસ ઉલ્લેખનીય છે. એમની શક્તિ અને એમની પાછળનો સંદેશ શાશ્વત હોઈ આજે પણ પ્રેરક થઈ પડશે એવી આશા છે.

- યોગેશ્વર



☼ ☼ ☼ ☼ ☼

## અનુક્રમણિકા


૧. દયામય !
૨. હે અભયંકર
૩. સમુદ્ર ને સરોવર
૪. હે મારા દેશ !
૫. પ્રજાની ભૂલ
૬. આગળ વધ
૭. કૃપાની પ્રાર્થના
૮. સાકાર સ્વપ્ન
૯. પ્રકૃતિની પાઠશાળા
૧૦. હે સર્વશક્તિમાન !
૧૧. સહઅસ્તિત્વ
૧૨. હે પ્યારા પરમાત્મન !
૧૩. પ્રકાશ, સુખ ને શાંતિ જ શાશ્વત છે !
૧૪. પ્રણમ્ય ને પ્રશસ્ય
૧૫. સ્વાભાવિક પ્રતીતિ
૧૬. શાશ્વત સંસ્કૃતિ
૧૭. સૈનિકોની સ્મૃતિ
૧૮. માતૃભૂમિનું મંદિર
૧૯. કૃતાર્થતા
૨૦. આરાધના ને પૂજા
૨૧. અભાગી દેશ
૨૨. સર્વોત્તમ સ્થિતિનું રહસ્ય
૨૩. હૃદય માંગુ છું
૨૪. તને ખબર છે !
૨૫. ભારતને
૨૬. છેક શૈશવકાળથી જ
૨૭. જન્મદિવસનો મહિમા
૨૮. પ્રવાસીને
૨૯. સંતોષ
૩૦. કેમ ચાલશે !
૩૧. માળી
૩૨. કલાકાર
૩૩. શરદ ઋતુના આકાશને અવલોકીને
૩૪. જ્યાં છે ત્યાં જ રાજી રહે
૩૫. મારી પરિસ્થિતિ
૩૬. નિશ્ચયબળ
૩૭. એકત્વની આકાંક્ષા
૩૮. દીપક ને પતંગિયું
૩૯. શરદ ઋતુનો સોનેરી સમય
૪૦. લાગણી ને માગણી !
૪૧. શરદ ઋતુનું સ્વાગત હો !
૪૨. અભિનયનો આનંદ
૪૩. પૃથ્વીની ચાહના
૪૪. સત્યની શોધની પરિપાટી
૪૫. શંકર બની જા, એટલે થયું
૪૬. કેમ માનું ?

૪૭. મૂલાધારનો વિચાર કર
૪૮. ઈશ્વરની કૃપા
૪૯. મૃત્યુની મંગલમયતા
૫૦. હરખ અને શોક
૫૧. વર્ષાને
૫૨. સ્વપ્નું
૫૩. સાધકને
૫૪. સ્મિત
૫૫. આંખ ઉઘડી ગઈ
૫૬. ઉત્સવમય જીવન
૫૭. જ્યોતિર્મય જીવન
૫૮. ભાવના
૫૯. યાદ રાખજે
૬૦. નવી દૃષ્ટિ
૬૧. પ્રેમી નહિ કહું
૬૨. માનવતા
૬૩. લોકોપવાદ
૬૪. એકતાનું રહસ્ય
૬૫. એટલું તો અવશ્ય કર
૬૬. દિવાળી
૬૭. શી પરવા ?
૬૮. પ્રેમ કરું છું
૬૯. વેણુ
૭૦. જલતરંગની ગત
૭૧. સનાતન એવું શું મેળવ્યું ?
૭૨. ધન્યતા
૭૩. ભાવના
૭૪. ક્લેશનું કારણ
૭૫. માનવને
૭૬. ધન્ય માનવ
૭૭. પીંજર
૭૮. કેમ ના મળું ?
૭૯. પક્ષીની પુનરાવૃત્તિ
૮૦. કપડું
૮૧. સાધકને
૮૨. વિરામ નથી
૮૩. અંજલિ
૮૪. માગણી

☼ ☼ ☼ ☼ ☼

## ૧. દયામય !

અધર્મ-અનાચારનાં અનંત આવરણ આજુબાજુ ફરી વળે,
જોરજુલમ ઝેરથી જીવનની જમીન જલી રહે,
ત્યારે પણ તેને મસ્તક ના નમાવું
એટલો આશીર્વાદ દઈ દેજે, દયામય !
મસ્તક ના નમાવું.

આતંક, અપમાન, આક્રમણ, આપત્તિ, પૂરબહારમાં પ્રકટી ઊઠે,
જીવનના સર્વસ્વને ગ્રસવા દૈવ પણ રૂઠે,
ત્યારે પણ તેથી ના ડરું, ના ડગું,
એટલો આશીર્વાદ દઈ દેજે, દયામય !
સ્વપ્ને પણ ના ડરું, ના ડગું.

ચારેકોર ફુંકાતા હોય પ્રતિકૂળતાના પવન,
નાથી ના શકાતી હોય નિષ્ફળતાની નાગણ,
પકડી ના શકાતાં હોય પ્રકાશનાં પાવન રશ્મિગણ,
ત્યારે પણ હિંમત ના ગુમાવું,
સિદ્ધિની છેવટની શ્રદ્ધા ના ગુમાવું,
એટલો આશીર્વાદ દઈ દેજે, દયામય !
સાફલ્યની છેવટની શ્રદ્ધા ના ગુમાવું.

☼ ☼ ☼ ☼ ☼

## ૨. હે અભયંકર

ભયની ભૂતાવળો મને ભયભીત ના કરી શકે,
હે અભયંકર !
ભયની ભૂતાવળો મને ભયભીત ના કરી શકે,
વિઘ્નોનાં વાદળ ચારેકોર પથરાઈ ગયાં હોય તો પણ,
એમને જોઈને મારું અંતર અવસાદથી આવૃત ના બને,
હે પ્રસન્નતાપારાવાર !
અંતર અવસાદથી આવૃત્ત ના બને.
જાણું છું, જીવનમાં ઝેર છે, જડતા છે,
નથી એકલું અમૃત કે ચેતન;
પરિતાપના પાવકથી પ્રજ્વલિત એનો પથ
સદા સારું શાન્તિકારક, સુખદાયક નથી હોતો :
જયની સાથે પરાજય, વહાલની સાથે વેદના,
સંપત્તિની સાથે વિપત્તિ, માનની સાથે અપમાન,
યોગની સાથે વિયોગ, એમાં તાણા ને વાણાની પેઠે વણાયેલાં છે.
એમાં અનુકૂળતાની પળો કરતાં પ્રતિકૂળતાની પળો વધારે આવે છે :
છતાં પણ એ પળો મને પીડિત-પથચ્યુત ના કરે,
હે પરમ પ્રેમ, પરમ ધ્યેય, પરમ પ્રકાશમય !
એ પળો મને પ્રમાદી ના કરે :
તારા, તેં આપેલા, જીવન પ્રત્યેના રસને, મારા સ્વત્વને, ના હણે,
મારું મન એથી નિરાશ નીરસ ના બને.

☼ ☼ ☼ ☼ ☼

## ૩. સમુદ્ર ને સરોવર

સમુદ્રે સરોવરને કહ્યું :
'તું તો અતિશય સીમિત છે.
મારા જેવું વિશાળ બની જા.
આવ, તને આશ્લેષ આપું; મારા સમાન સ્વરૂપ ધરું !'

સરોવરે સંભળાવ્યું :
'ભાઈ સાગર ! હું સીમિત છું એ વાત સાચી છે.
છતાં પણ સરોવર છું એનો મને સંતોષ છે.'

'એવો અર્થ વગરનો આત્મસંતોષ શા કામનો ?' સમુદ્રે કહ્યું.
'મારો આત્મસંતોષ અર્થ વગરનો નથી.' સરોવરે કહ્યું :
'જો આ પથિક એની પ્રતીતિ કરાવી આપશે.'

એટલામાં તો પથિક આવી પહોંચ્યો ને પાણી પીવા માંડ્યો.
સમુદ્ર એ જોઈ શાંત થયો.
સરોવરને સંતોષ થયો.

☼ ☼ ☼ ☼ ☼

## ૪. હે મારા દેશ

સંસ્કૃતિના સર્વોચ્ચ સુમેરુ શિખર પર
સૈકાઓ પહેલાં આસીન થયેલા મારા દેશ !

તારી જ્વલંત જ્યોતિથી દિશા પ્રદિશા પ્રજ્વલિત બની'તી :
પૃથ્વી પરિમલપ્રસન્ન પાવન બની'તી;
તારી કીર્તિપતાકા ભૂમંડળને પ્રભાવિત કરતી બધે ફરી વળી'તી.
તારું જ્ઞાન, ગૌરવ, તારી ગરિમા, બધું જ અસાધારણ, અજોડ હતું.
અને આજે પણ ક્યાં નથી ?
પરંતુ તારા એ સર્વોત્તમ સિંહાસનને હલાવવા,
તને પીડા-પરિતાપના પારાવાર પ્રતિ બઢાવવા,
માનભંગ કરવા, તારી વિજયકૂચમાં વિઘ્નરૂપ થવા,
આજે કેટલાંક વિઘાતક વિદ્વેષભર્યાં બળ કામ કરી રહ્યાં છે.
તારી વેદના-વહ્નિમાં એથી વધારે થયો છે.
છતાં પણ એ બળો સફળ નહિ થઈ શકે.
તું નહિ હારે; તારી આગેકૂચને એ નહિ મારે.
તું જાગ્રત છે અને આવી રીતે જ આથી પણ વધારે જાગ્રત રહેજે,

હે મારા દેશ ! મને વિશ્વાસ છે-તું નહિ હારે,
તારી વિકાસસાધના કીર્તિકૂચ મૂકીને નહિ હારે.
સંસ્કૃતિનાં સર્વોચ્ચ સુમેરુ શિખરો પર
સૈકાઓ પહેલાં આરૂઢ થયેલા મારા દેશ !
એકવાર ફરીથી ત્યાં આસીન થા.
પૃથ્વીને પ્રેરણા પા, મનુકુળનો માર્ગદર્શક થા !

☼ ☼ ☼ ☼ ☼

## ૫. પ્રજાની ભૂલ

સ્વાતંત્ર્યની સિદ્ધિની સાથે
પ્રગતિનો પુરુષાર્થ પૂરો થાય છે,
એમ માનનારી પ્રજા ખરેખર ભૂલ ખાય છે,
પાર વિનાની પીડા સહન કરે છે.

સ્વાતંત્ર્યની સિદ્ધિ તો
માત્ર સુશાંતિ અને સમૃદ્ધિના સૂર્યોદયની શરૂઆત છે;
કેટલાંય કમળોને એ પછી ખીલવાનું,
પુષ્પોને પ્રકટવાનું,
પંખીની પંક્તિઓને પ્રફુલ્લિત થવાનું,
અંધકારના અનેકાનેક આવરણનો અંત આણવાનું
એની પછી શેષ રહે છે.

સ્વાતંત્ર્યની સિદ્ધિમાં એ માટેની શક્યતા છે,
પરંતુ સંપૂર્ણતા નથીઃ
એનું વિસ્મરણ કરનારી પ્રજા ખરેખર ભૂલ ખાય છે;
પાર વિનાની પીડાગર્તામાં,
પ્રશ્નો તેમજ સમસ્યાઓમાં,
ધકેલાઈ જાય છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૬. આગળ વધ

વેર નહિ પરંતુ પ્રેમ અને દ્વેષ નહિ પરંતુ રે'મ જ આખરે વિજયી નિવડશે,
સંસ્કૃતિની સફરમાં, કાળની આગેકૂચમાં,
વિજયી નિવડશે.

સ્વચ્છંદ નહિ પરંતુ સંયમ, લાલસા કે વાસના નહિ પરંતુ સદ્દભાવના જ
આખરે તો સફળ થશે, શ્રેયસ્કર બનશે.
સંસ્કૃતિની સફરમાં, કાળની આગેકૂચમાં,
વ્યક્તિ તથા સમષ્ટિનું પરિત્રાણ કરશે.

ભોગ નહિ પરંતુ યોગ અને વિરોધ નહિ, મૈત્રીનાં જ મૂલ્યાંકન
આખરે આશીર્વાદરૂપ ઠરશે, મહીમંડળને મધુતાથી મઢશે.
સંસ્કૃતિની સફરમાં, કાળની આગેકૂચમાં,
જીવનને જ્યોતિર્મય કરીને જગતને જીવવા જેવું કરશે.

યુદ્ધ નહિ પરંતુ શાંતિ, અસત્ય નહિ પરંતુ સત્ય;
નિર્દયતા નહિ પરંતુ દયા, બંધન નહિ પરંતુ મુક્તિ;
પશુતા નહિ પરંતુ માનવતા અને ભેદભાવ નહિ પરંતુ અભેદભાવની જ વીણા
વિશ્વમાં વાગી ઊઠશે, ચેતનાની બધી જ જ્યોતિઓ જાગી ઊઠશે,
એવા વિશ્વાસથી આગળ વધ.

ઓ જ્યોતિર્મય, ઓ મારા દેશ !
સંસ્કૃતિની સફરમાં, કાળની આગેકૂચમાં,
વિષાદનું વમન કરીને, પીડાને પી જઈને
આપત્તિ અને અવમાનથી અલિપ્ત રહીને આગળ વધ !

☼ ☼ ☼ ☼ ☼

## ૭. કૃપાની પ્રાર્થના

હે મારા પરમ પ્રભુ !
દુઃખોને દૂર કર અથવા તો
ચિંતા તથા પરિતાપના પાવકને પ્રજ્વલિત ના કર
એવું હું નથી કહેતો.
મારી પ્રાર્થના તો એટલી જ છે કે,
એમાં હું અટવાઈ ના જાઉં,
પરંતુ એમાંથી સહીસલામત પાર ઊતરું.
એટલી કૃપા કરી દેજે !

કષ્ટ, પરિતાપ, યાતના કે વેદના તો તારો હથોડો છે.
એનાથી મારા જીવનને તું ઘડે છે,
ટીપે છે, અને અનુકૂળ આકાર આપે છે.
ફક્ત એ હથોડાથી એ એકદમ ટીપાઈને
ધ્વસ્ત કે નામશેષ ના થઈ જાય,
પરંતુ સાનુકૂળ અને સુંદર આકારમાં આવિર્ભાવ પામે,
એટલી કૃપા કરી દેજે !

હે મારા પરમ પ્રભુ !
દુઃખ, દર્દ, ચિંતા ને યાતના
આવવાના જ હોય તો ભલે આવે;
પરંતુ આટલું તો અવશ્ય કર :
મારા અંતરમાં ધૃતિ, તિતિક્ષા, ને વીરતા ભર:
એને લોખંડી કર. સનાતન સુખ ધર.

☼ ☼ ☼ ☼ ☼

## ૮. સાકાર સ્વપ્ન

વિજ્ઞાનના વિકસતા જતા યુગમાં
માનવનું મન કેટલું બધું અવિકસિત અને અલ્પ છે,
એનો ખ્યાલ સહેલાઈથી આવી જાય છે, ઓ અંતર્યામી !
સાંપ્રત સમયમાં બનતી ઘટનાઓ પરથી,
એનો ખ્યાલ સહેલાઈથી આવી જાય છે.

વિજ્ઞાન આગળ વધ્યું છે, અને દિનપ્રતિદિન આગેકૂચ કરતું જાય છે,
પરંતુ માનવનું મન એ કૂચને નથી પહોંચી શકતું.
એ મનમાં એ જ અહંતા, મમતા, લાલસા, તથા તિરસ્કારવૃત્તિએ ઘર કર્યું છે.
વિશ્વબંધુત્વના અનેરા આદર્શ પર એ મન આસીન નથી થઈ શક્યું.
એટલા માટે તો દાવાનલ છે, દુઃખ છે, દર્દ છે.
જગત જાણે જ્વાલામુખીના શિખર પર બેઠું છે.
જ્વાલામુખી ક્યારે ફાટશે, પોતાની પ્રચંડ જ્વાલાથી જગતને જલાવી નાખશે
તે નથી કહી શકાતું.

એ મનને હવે મધુમય કરી દો.
વિજ્ઞાનના વિકસતા જતા યુગમાં માનવીનું મન પણ વિકસે,
મંગલમય મહાન બને, ઝંકૃત થાય અવનવીન રસે,
સંસારમાં સ્વર્ગને સાકાર કરવાનું સ્વપ્ન તો જ સાકાર બને.
ઓ અંતર્યામી ! એ સુમધુર સ્વપ્ન તો જ સાકાર બને.

☼ ☼ ☼ ☼ ☼

## ૯. પ્રકૃતિની પાઠશાળા

કાદવમાં કમળ નથી થતાં એવું થોડું છે ?
કંટકની આજુબાજુ થઈને જ ગુલાબની કોમળ પાંખડીઓ
પોતાનું પ્રસન્ન પ્રેરક સ્મિત કરતી પ્રકટી કે પ્રકાશી ઊઠે છે.

આકાશના અસીમ, અગાધ અંધકારનું અવલોકન તો કરો.
ચંદ્રની ચમક, તારાગણોની દ્યુતિ અને દમક
એ જ અંધકારના અનંતાનંત આવરણોને ભેદીને બહાર આવે છે.

ક્ષારથી મઢેલા મહોદધિમાં મહામૂલ્યવાન મોતીની સૃષ્ટિ થાય છે,
અને રણના રેતાળ પ્રદેશમાં વનસ્થલીનો આવિર્ભાવ.

ચપલાના ચંચળ ચમકાર અને ગગનના ગહન ગગડાટની વચ્ચે પણ
મેઘધનુની મધુમય મુખાકૃતિ મલકી ઊઠે છે.

અને બીજું બધું તો ઠીક પરંતુ
પ્રભાતના પ્રથમ પ્રહરમાં પ્રકટનારો પ્રભાકર પણ
મૃત્યુના મુખમાંથી બહાર નીકળનારા જીવનની જેમ જ પ્રાદુર્ભાવ પામે છે.

એ બધું તારે માટે પ્રકાશ તથા પ્રેરણાની સામગ્રીરૂપ નથી શું
કે મારે મુખ ખોલીને કંઈક કહેવું પડે?

મારી પ્રેરણા તો એમાં જ છે - પરમ રહસ્યમયી પ્રકૃતિમાં;
એ જ મારી પાઠશાળા છે.


☼ ☼ ☼ ☼ ☼

## ૧૦. હે સર્વશક્તિમાન !

જ્યાં ભય નથી, વૈમનસ્ય નથી, ધિક્કાર નથી,
પરસ્પરના ભેદભાવની દુર્ભેદ્ય દીવાલો તૂટી પડી છે,
માનવ માનવ વચ્ચેના પ્રેમની
પતિતપાવની મધુમય મંદાકિની પ્રકટી રહી છે.
સંસારના સઘળા સભ્યો
એક જ કુટુંબના સદસ્યો સમા
સ્નેહાળ સેવાપરાયણ સૌરભભીના બનીને શ્વાસ લે છે;
વિસંવાદની શતશત સિતારીઓની વચ્ચેથી પણ
સંવાદના સ્વર્ગીય સૂર છૂટે છે:
અને સૌ કોઈ એનો અમીમય આસ્વાદ લૂંટે છે.

સત્યને જ્યાં એનું પોતાનું સિંહાસન સમર્પિત થયું છે,
અસત્યનું અવસાન થયું છે;
દંભના દાનવે સરળતાને સારું પોતાનું ઘર ખાલી કરી આપ્યું છે;
શોષણને સ્થાને પોષણ છે
સ્વાર્થને બદલે નિઃસ્વાર્થતા,
સત્તાખોરીને બદલે સેવાની તમન્ના કે સદ્દભાવના;
શરીરના સ્વાદમાં લપટાઈને
માનવે જ્યાં આત્માની અવજ્ઞા નથી કરી
અને જડ જગતની આરાધનામાં
આત્મોન્નતિનું અવસાન નથી થયું :
સ્વતંત્રતાનો સદાય થાય છે સદુપયોગ
સ્વ અને પરની સમુન્નતિને માટે:
માનવની બધી જ બેડીઓ તૂટી પડી છે;

મન, વચન, વાણી, કલમને મુક્ત છતાં મંગલ રીતે
વહેવાના અવકાશની ગૌરવભરી ઘડી છે :
માનવતાનું કમનીય કમળ
સત્કર્મના સૂર્યોદયથી શત શત દલે ખીલી ઊઠ્યું છે,
દાનવતાનું દલ દૂર થયું કે ભાગી છૂટ્યું છે :
એવું વાયુમંડલ
આ વિશાળ વિશ્વમાં વ્યાપ્ત કરી દો, સર્વશક્તિમાન !
એવી ઉષાની ઉલ્લાસમય માધુરી
પૂર્વ ને પશ્ચિમ, ઉત્તર ને દક્ષિણ, બધે જ ભરી દો :
એવા દૈવી દિનનું અને દિવસોનું પ્રાક્ટય
પૃથ્વી પર કરી દો.



☼ ☼ ☼ ☼ ☼

## ૧૧. સહઅસ્તિત્વ

કવિઓ કાળના પ્રવાહમાં વહેતી આવતી એક કથા કહે છે:
સૂર્ય ને ચંદ્ર વચ્ચે વિવાદ થયો : ભયંકર વિવાદ.
કોણ મોટું ? સૂર્ય કે ચંદ્ર ?
કોનો પ્રકાશ વધારે અમૃતમય ? અવનીને માટે કોણ વધારે આશીર્વાદરૂપ ?
કોણે નષ્ટ થવું ને કોણે જીવવું ?

કહે છે કે, આખરે બંનેની વચ્ચે સમાધાન થયું-કહો કે કોઈકે કરાવ્યું.
એ પ્રમાણે સૂર્ય દિવસે ઊગે, ચંદ્ર રાતે ચમકે.
બંને પોતપોતાની રીતે વસુંધરાનું હિત કરે, વસુંધરાને બંનેનો લાભ મળ્યો.
સૂર્ય ને ચંદ્રનો ગજગ્રાહ એવી રીતે શમી ગયો.

માનવ આજે સહઅસ્તિત્વની વાત કરે છે,
અને એના વિશે આશંકા સેવે છે,
પણ પ્રકૃતિ તો એનો અમલ વરસોથી કરે છે,
અરે યુગોથી-સર્જનના પ્રારંભથી જ.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૨. હે પ્યારા પરમાત્મન્ !

આ સંસારમાં હું નમ્રાતિનમ્ર બનીને શ્વાસ લઉં,
પ્રત્યેક પ્રાણીને પરમ પ્રેમનું પ્રતીક માનીને પ્રણામ કરું,
એનું પાદપ્રક્ષાલન કરવામાં પણ પ્રસન્ન થાઉં.
પરંતું અનીતિ, અનૃત, આતંક અને આક્રમણની આગળ મસ્તક ના નમાવું.
એટલી અનુકંપા કરી દેજે, પ્યારા પરમાત્મન્ !
અનર્થકારી અથવા અત્યાચારીની આગળ મસ્તક ના નમાવું !
એનો તો મારી સઘળી શક્તિથી, મારી સકળ સૂઝથી,
મારી સમસ્ત સાધનસામગ્રીથી સામનો કરું : છેવટ સુધી સામનો કરું.
અને એમ કરતાં સહન કરું,
બેહાલ બનું કે ખપી જઉં તો પણ શું ?
આત્માના અવાજ પ્રમાણે
તારા પર શ્રદ્ધા રાખીને ચાલવામાં ને પ્રતિકાર કરવામાં
પાછી પાની તો ન જ કરું, હે પ્યારા પરમાત્મન્ !
અનૃત, અનીતિ, આતંક, આક્રમણના આસુરી બળ સામે
નતમસ્તક તો ના જ બનું :
શાંતિનો સુખમય શ્વાસ પણ ત્યારે જ લઉં,
જ્યારે તારા માર્ગદર્શન ને તારી મદદથી એને નિર્મૂળ કરું,
અથવા એની સામે વિજયને વરું !

☼ ☼ ☼ ☼ ☼

## ૧૩. પ્રકાશ, સુખ ને શાંતિ જ શાશ્વત છે !

અંધકારના અનેકાનેક આવરણો એકાએક બધે ફરી વળ્યાં.
ચપલા ચમકવા માંડી, ગગનમાં ગગડાટ શરૂ થયા,
થોડીવારમાં તો વરસાદ વરસવા માંડ્યો.
કુદરતની કળા તો જુઓ !
ધોળે દિવસે રાત્રીએ જાણે કે અંધારપટ પાથરી દીધો !
પરંતુ....ઘડી બે ઘડી પછી એનો પણ અંત આવ્યો.
સૂર્યનાં કોમળ કિરણો પર્વત પર બધે જ પ્રકાશી ઊઠ્યાં !
આકાશ નિરભ્ર બની ગયું; એના ઉત્સવમાં ચમકવા લાગ્યું.
અંધકારના અનંતાનંત આવરણો ભલે આવે,
ચિંતાની ચપલાઓ ચમકાર કરે,
વેદનાના વહ્નિ પણ ચારે તરફથી વીંટળાઈ વળે;
આપત્તિના અભ્રના ઘોર ગગડાટ થાય, વિષાદની વર્ષા થાય;
અરે, ઘડી બે ઘડીને માટે સૌભાગ્યનો સોનેરી સૂરજ છુપાઈ જાય, તો પણ શું ?
અંધકારની પાછળ પ્રકાશ જરૂર છે તેની મને ખાતરી છે.
ચિંતાની પાછળ નિશ્ચિંતતા, વિયોગની પાછળ યોગ,
વેદનાની પાછળ આનંદ આવવાનો જ છે એવી મારી પ્રતીતિ છે.
એટલે દુર્ભાગ્યના દિવસો આવે તોપણ શું ?
હું એમનાથી નથી ડરતો, એમને જોઈને નથી રડતો !
એ પસાર થઈ જશે અને
જીવનમાં પ્રકાશનાં પાવન કિરણો પથરાશે એની મને ખાતરી છે.
અંધકાર નહિ પણ પ્રકાશ જ,
દુઃખ કે દર્દ નહિ પરંતુ સુખ ને શાંતિ જ સ્વાભાવિક છે, શાશ્વત છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૪. પ્રણમ્ય અને પ્રશસ્ય

પ્રગતિના પુરુષાર્થ પ્રેરેલા પથ પર, કેટલી વાર પડ્યા એનું મહત્વ નથી,
એને વારંવાર નથી વાગોળવાનું;
પડ્યા પછી બેઠા થયા કે નહિ એ જ અગત્યનું છે;
આશીર્વાદરૂપ છે, અભિનંદનીય છે.
જીવનમાં જે એક કે બે વાર પડે છે,
પરંતુ પડ્યા પછી બેઠા થઈને પોતાના પથ પર પ્રયાણ કરી શકે છે,
એને હું આદર આપું છું.
એ પ્રણમ્ય ને પ્રશસ્ય છે, ખરેખર પ્રશસ્ય છે.

પ્રગતિના પુરુષાર્થ પ્રેરેલા પથ પર,
કેટકેટલા કંટકથી ક્લેશયુક્ત થવાયું એ મહત્વનું નથી,
એ કંટકને કેટકેટલી વાર કુસુમમાં પલટાવી શકાયા એ જ અગત્યનું છે,
આશીર્વાદરૂપ છે, અભિનંદનીય છે.
જીવનમાં સંકટના કંટક તો આવવાના જ.
કિન્તુ એનાથી ડર્યા કે ડગ્યા વિના,
એમની સામે સ્મિત કરીને, જે પોતાને પંથે પ્રયાણ કરી શકે છે--
એને હું આદર આપું છું.
એ પ્રણમ્ય ને પ્રશસ્ય છે, ખરેખર પ્રશસ્ય છે.

પ્રગતિના પુરુષાર્થ પ્રેરેલ પથ પર,
કેટલી વાર વિશ્રાંતિ કરવા બેઠા,
કેટલી વાર પ્રવાસનું વિસ્મરણ કરીને પડી રહ્યા, એનું મહત્વ નથી.
એને વારંવાર નથી વાગોળવાનું.
વિશ્રાંતિ કરીને કે ભુલભુલામણીથી ભ્રમિત થઈને

મૂળ મુસાફરીનો આરંભ કર્યો કે નહિ એ જ અગત્યનું છે,
આશીર્વાદરૂપ છે, અભિનંદનીય છે.

જીવનમાં ભયસ્થાનો ને પ્રલોભનો તો આવવાનાં જ.
પરંતુ એથી પ્રભાવિત, હતપ્રભ કે અંધ બન્યા વિના,
એમનાથી અલિપ્ત રહીને, એમની સામે મોરચો માંડીને,
પોતાના સાધ્યની સિદ્ધિ કે પ્રવાસની પૂર્ણાહુતિ કરી શકે છે,
એને હું આદર આપું છું.
એ પ્રણમ્ય ને પ્રશસ્ય છે, ખરેખર પ્રશસ્ય છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૫. સ્વાભાવિક પ્રતીતિ

હનુમાનજીએ અયોધ્યાની રાજસભામાં, રામની સમક્ષ,
કહે છે કે, પોતાની છાતીને ખોલી બતાવી.
અને હૃદયમાં રહેલા રામની પ્રતિમાની સર્વે સભાજનોને પ્રતીતિ કરાવી.
ત્યારે જ શ્રીરામને, સીતાને, તથા બીજા બધાને ખાતરી થઈ કે,
હનુમાનજી પવિત્ર પ્રેમની પ્રતિમારૂપ છે.
એમના હૃદયના નાના કે મોટા કોઈયે ખૂણામાં,
શ્રીરામ વિના બીજું કાંઈ જ નથી.

મારા હૃદયને એવી રીતે ખોલી બતાવવાની જરૂર છે ?
તમારા વિના મારા હૃદયમાં બીજું કશું જ નથી રમી રહ્યું,
બીજા કોઈનું યે આસન નથી થયું.
એ વાતની પ્રતીતિ મારા દિલમાં ડોકિયું કરવાથી જ નહિ,
મારા રોમરોમનું દર્શન કરવાથી સહેલાઈથી થઈ રહેશે:
સ્વાભાવિક રીતે જ થઈ રહેશે.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૬. શાશ્વત સંસ્કૃતિ

શતશત પાંખડીએ પ્રકટીને પ્રસન્ન કરનારાં
પરિમલપાવન પુષ્પો પણ
છેવટે તો ઉપવનમાં શાંત થઈ ગયાં :
કમળો કળા કરી કરીને કરમાઈ ગયાં:
વિહંગના ગાન પણ મહીમંડળમાં મળી ગયાં.
ઉલ્લાસથી ભરેલી, ઉલ્લાસિત કરતી, ઉષાઓ
આકાશને આંગણે આવી અને આથમી ગઈ;
સંધ્યાઓ સ્વપ્નસમી બનીને શાંત થઈ.
જળ ત્યાં સ્થળ, સ્થળ ત્યાં જળ:
પરિવર્તનશીલ પ્રકૃતિ એવાં અનેકાનેક પરિવર્તનો કરતી જ રહી.
દીપકો જેમ પ્રકટે, મંદ પડે, ને બુઝાઈ જાય,
આ અવનિ પર એમ ન જાણે કેટકેટલી સંસ્કૃતિઓ
ઉદય પામી અને અસ્ત બની ગઈ :
પરંતુ તું અમર અને તારી સંસ્કૃતિ અમર છે ભારત !
કાળની કૂચ એને નહિ કરમાવી શકે.
પ્રતિકૂળતાના પવન વાય, તોફાનના તાંડવ થાય;
વિરોધીઓ વિષવમન કરે, કે દુશ્મનના દાવપેચ થાય;
દુ:ખ, દર્દ, દુર્દિનના દાવાનલ જાગે:
ભાગ્ય ભારેખમ ભોગ માગે;
કદાચ તારી ભૂમિમાંથી થોડીક ભડકે પણ બળી જાય;
તો પણ શું ?
તારો આત્મા તો નહિ જ મરે :
તારી સંસ્કૃતિ છિન્નભિન્ન થશે તો પણ, નષ્ટપ્રાય તો નહિ જ બને.
તારા, ચંદ્ર અને સૂર્ય કરતાં પણ વધારે પ્રકાશવાન,

પુષ્પો કરતાં પણ વધારે પાવન પુરુષો
તારા પ્રાંગણમાં પ્રકટ થતા જ રહેશે,
તને અનુપ્રાણિત કરશે,
તારી દિશા પ્રદિશાને સૌરભે ભરશે.
મારો જ નહિ, તારા વિરોધીઓનો પણ વિશ્વાસ છે :
તું શાશ્વત છે : તારી સંસ્કૃતિ શાશ્વત છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૭. સૈનિકોની સ્મૃતિ

સ્વતંત્રતાની સુરક્ષાને માટે મન મૂકીને લડનારા
શૂરા સૈનિકોની સ્મૃતિમાં આપણે બીજું તો શું કરી શકીએ ?
પરંતુ એમને આદરપૂર્વકના અનુરાગની અંજલિ અવશ્ય આપીએ.

હિમાલય પર્વત પરની પ્રતિકૂળ પરિસ્થિતિમાં,
શત્રુની સામે એ હસતાં હસતાં લડ્યા, ઝૂઝ્યા, ને મર્યા કે બલિ બન્યા.
છેલ્લા શ્વાસ સુધી એમણે સ્વતંત્રતાની સુરક્ષા કરી,
અને મરતી વખતે પણ પ્રાણમાં એ જ ભાવના ભરી કે,
માતૃભૂમિને માટે પોતે ફરીફરી જન્મે ને જરૂર પડે ત્યારે મરે.
મરતી વખતે પણ એમણે એ જ ભાવના ભરી.

દુશ્મન-દળની સામે દુર્ઘર્ષ દીવાલની જેમ ઊભા રહ્યા,
અને આતંકકારી આક્રમણખોરોને
પોતાની શૂરવીરતાનો સ્વાદ સારી પેઠે ચખાડી દીધો.
કૃત્યંતની પેઠે કાયરતાને ફગાવી દઈને એ રણસંગ્રામમાં કૂદી પડ્યા,
અને અનેકને મારીને જ પછી મર્યા.

મરતી વખતે એમની આંખમાં આત્મસંતોષ હતો,
અને એમના શ્રીમુખ પર શાંતિ.
કાળજામાં કર્તવ્યપાલનની પ્રતીતિ હતી,
અને અંતરાત્મામાં હતો અવર્ણનીય અને અસાધારણ આહ્લાદ.
મૃત્યુની મિત્રતા તથા ફિકરની ફાકી કરીને જંગમાં ઝૂઝનારા એ જવાંમર્દો
જીવનનું સાફલ્ય કરતાં ચિરનિદ્રામાં પોઢી ગયા,
પરંતુ ધરિત્રી પણ એમના હેતથી હાલી ઊઠી.

સ્વતંત્રતાને માટે સર્વસમર્પણ કરનારા એ સૈનિકોની સ્મૃતિમાં
આપણે બીજું તો શું કરીએ ?
પરંતુ એમને પગલે ચાલી માતૃભૂમિને માટે મરી ફીટવાની પ્રતિજ્ઞા લઈએ,
સ્વતંત્રતાની સુરક્ષા તથા સમૃદ્ધિને માટે બનતું બધું જ કરી જઈએ, તો પણ ઘણું.
એમની સોનેરી સનાતન સ્મૃતિને હૃદયમાં જડી દઈએ.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૮. માતૃભૂમિનું મંદિર

માતૃભૂમિનું આ મનહર મંદિર !
એ મંદિરના મનુષ્યો મારા દેવતાઓ છે,
અને એની સ્ત્રીઓ મારી દેવીઓ.
એ મંદિરની પ્રદક્ષિણા રાત ને દિવસ કર્યા કરું છું.
શ્વાસોશ્વાસમાં એને માટેનો આદરભાવ અને અનુરાગ છે તે પૂજા છે,
એની સુખાકારી ને શાંતિ માટેનાં સત્કર્મો એની સેવા.
ધમનીમાં એના ગૌરવના જે ધડકાર થાય છે એ એને માટેનો અર્ધ્ય છે :
આંખ અને અંતરમાં એની અખંડ, અનંત, અગાધ આરાધના એ એની આરતિ છે :
માતૃભૂમિનું આ મનહર મંદિર !

એ મધુમય, મંગલ, મહામૂલ્યવાન મંદિરની માવજતને માટે
કરું છું તેમ જીવનભર પરિશ્રમ કરતો રહીશ.
આ સશ્યશ્યામલા મહીને મધુમય રાખવા ને સુખમય કરવા,
એની શાંતિને શાશ્વત કરવા ને સ્વતંત્રતાને સાચવી રાખવા,
બનતું બધું જ કરી છૂટીશ.
એનો જયકાર કરીશ ને ધન્ય થઈશ.
માતૃભૂમિનું મનહર મંદિર !

☼ ☼ ☼ ☼ ☼

## ૧૯. કૃત્યર્થતા

રવિમંડળમાંથી પૃથ્વીના પ્રવાસે નીકળેલા રશ્મિએ,
શાંત સરોવરના સુંદર પદ્મની પાસે પહોંચીને, કહેવા માંડ્યું :
'જાગ્રત થા ઓ પદ્મ ! સમાધિમાંથી જાગ્રત થા !
હું તને જાગ્રત કરવા આવું છું.'
અને પછી તો એક નહિ, પરંતુ અનેકાનેક રશ્મિસમૂહ પદ્મની પાસે પહોંચી ગયા.
એમના સ્નેહસભર સંસ્પર્શથી પદ્મની પ્રસુપ્ત પાંખડીઓ પ્રકાશી ઊઠી;
આજુબાજુના વાતાવરણને પરિમલથી પરિપ્લાવિત કરી રહી.

કિરણે કહ્યું : 'કમળ ! જો મારી કળામયતા !
જડને જીવન પ્રદાન કરવાના મારા સામર્થ્યનો વિચાર તો કર.
અમે ના હોત તો તારી તંદ્રા કેવી રીતે તૂટત ?
તું કમનીય બનીને કિલ્લોલ કેવી રીતે કરત ?
કવિ, ફિલસૂફ, સૌન્દર્યદર્શી કે રસજ્ઞને
પ્રેરણા, પ્રસન્નતા ને રસ કેવી રીતે ધરત ?
અરે એ તો ઠીક, પરંતુ આ સરોવરનો શૃંગાર પણ શી રીતે બનત ?
અમારી અસાધારણતાનો વિચાર તો કર.
અમારા વિના સમાધિના શાંત પ્રદેશમાંથી તને જાગ્રત જ કોણ કરત ?'

કમળે સ્મિત કરીને માંડ્યું :
'મોટાં કદી પોતાની યોગ્યતાની પ્રશસ્તિ નથી કરતા.
તમે સૌ શક્તિશાળી છો એ સાચું છે,
પરંતુ હું જો ના હોત, અને પ્રસુપ્ત દશામાં ના હોત,
તો તમને તમારી શક્તિનું ભાન થાત ખરું ?
એ શક્તિના સદુપયોગને માટેનો અવસર પણ મળત કે ?

એટલે તમારે તમારા ગુણ ગાઈને બેસી રહેવું ના જોઈએ,
કિન્તુ મારો પણ આભાર માનવો જોઈએ.'

કિરણો શાંત થઈ ગયાં.
ત્યારથી કહે છે કે,
રોજ સવારે રવિમંડળનાં રશ્મિ ભારે શાંતિપૂર્વક પૃથ્વીના પ્રવાસે આવે છે
ને પોતાનું કામ કરીને કૃતાર્થ જેવાં પાછાં વળે છે !

☼ ☼ ☼ ☼ ☼

## ૨૦. આરાધના અને પૂજા

મારી પ્રત્યેક પ્રવૃત્તિ તમારી પૂજા છે, મારા પરમ પ્રભુ !
એવી સાંગોપાંગ સમજથી
મારે ફાળે આવે છે તે પ્રત્યે પ્રવૃત્તિ કર્યા કરું છું.
કોઈ પ્રવૃત્તિ મારે મન નાની નથી ને કોઈ મોટી નથી :
કોઈ મહામૂલ્યવાન નથી ને કોઈ મૂલ્ય વગરની :
કોઈ સાર્થક નથી ને કોઈ નિરર્થક :
પારસનો પવિત્ર સ્પર્શ પામીને લોઢાનું સોનું થાય છે
તેમ મારી પ્રત્યેક વૃત્તિ ને પ્રવૃત્તિ
તમારા સ્નેહાળ સુધાસભર સ્પર્શે પાવન થાય છે.
અને સૂર્યનાં કોમળ કિરણોથી પુષ્પો ને પદ્મો
પોતાની પાંખડીને પ્રસન્નતાપૂર્વક પ્રકટાવી દે છે;
તેમ તમારા કૃપાકિરણથી
મારું સર્વકાંઈ, પ્રાણનું પ્રત્યેક પરમાણું
પુલકિત કે પ્રસન્ન બનીને, પ્રત્યેક પળે પ્રકાશી ઊઠે છે.
પ્રત્યેક પળે અને હરેક સ્થળે આપણું અનુસંધાન ચાલુ રહે છે.
તમે પ્રેરો છો તે પથ પર પ્રયાણ કરું છું.
તમે પસંદ કરે છો તે પ્રવૃત્તિના પાવન પીયૂષથી તમારો અભિષેક કરું છું.
એટલા માટે જ તમારી પ્રસાદીની પ્રાપ્તિ માટે
મારે કોઈ બીજી સાધનાની આવશ્યકતા નથી રહી.
પ્રત્યેક પળ, વિપળ, વૃત્તિ, પ્રવૃત્તિ, ને સમસ્ત જીવન,
તમારી અનવરત અક્ષય આરાધના છે; પૂજા છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૨૧. અભાગી દેશ

એ દેશ અભાગી છે, જે ધર્મ, નીતિ તથા ઈશ્વર પરની શ્રદ્ધા ખોઈ બેઠો છે;
અથવા તો એ શ્રદ્ધાનું પ્રદર્શન કરવા છતાં,
એના આચરણ પરથી હાથ ધોઈ બેઠો છે:
જેના રાજપુરુષો, નેતાઓ, વિચારકો રોજી કે રોટીને જ મહત્વની માને છે,
અને ભૌતિક સુખસંપત્તિને જ સર્વકાંઈ સમજી બેસે છે,
પરંતુ સુવિચાર, સંસ્કાર તથા સત્કર્મથી સુવાસિત
માનવતાની મહાવાટિકાને મહેંકતી કરવાની કોશિશ નથી કરતા.
જ્યાં વ્યક્તિ પોતાનો જ વિચાર કરીને જીવે છે અને આગળ વધે છે;
બીજાનો વિચાર નથી કરતી; અને
પોતાને માટે બીજાને નુકશાન કરતાં કે નષ્ટ કરતાં પાછું વાળીને નથી જોતી.
જ્યાં સત્તા કેવળ બળથી જ ટકે છે, શિલથી નહિ;
ધન કેવળ અધર્મ અથવા અન્યાયથી જ એકઠું થાય છે, ન્યાય ને નીતિથી નહિ;
સમૃદ્ધિ, સેવા કે સહકારનું સાધન નથી થતી, સ્વાર્થની સહચરી બની રહે છે;
વિદ્યા વેપાર થાય છે, વિકાસનું સાધન નહિ;
સૌંદર્ય વિલાસ માટે વપરાય છે, એની પાછળની પરમ શક્તિની શોધ માટે નહિ;
યૌવન જ્યાં મોહાંધ કે ભ્રાંત બનીને ભમ્યા કરે છે;
સ્થિર કે સ્વસ્થ બનીને વિકાસને માટે સાધન નથી થતું;
જીવન જ્યાં પોતાનું મૂલ્ય ને મહત્વ ખોઈ બેસે છે,
અને આદર્શ વિનાનું બની રહે છે;
જેની પ્રજા પરની પ્રશસ્તિ કરે છે,
અન્યને અનુસરે પરંતુ જેને પોતાનું જ ગૌરવ નથી થતું;
પોતાનું જ સારું અથવા અનુકરણીય નથી લાગતું;
એ દેશની દયા ખાઉં છું !

☼ ☼ ☼ ☼ ☼

## ૨૨. સર્વોત્તમ સ્થિતિનું રહસ્ય

પર્વતની પ્રશાંત કંદરાઓમાં પલાંઠી વાળીને,
મેં વરસો સુધી અંતઃસ્થ આત્માની અનુભૂતિને માટે અનવરત પરિશ્રમ કર્યો,
ને સરિતાના શાંત તટપ્રદેશમાં વાસ કરીને,
મૌનવ્રત ધારીને,
એની સાથેના અનુસંધાનની સાધનામાં સંલગ્ન રહ્યો.
વ્રત ને તપનાં અનુષ્ઠાનોનો આધાર લેવામાં પણ બાકી ના રાખ્યું,
અને જ્ઞાનના ગ્રંથોને પણ ઉથલાવી નાખ્યા.

હવે હું ધ્યાનધારણા નથી કરતો,
અને આંખને બંધ કરીને બેસતો પણ નથી,
એથી ઘણાને નવાઈ લાગે છે.
પરંતુ એમાં નવાઈ જેવું કશું જ નથી.

સમસ્ત સંસારને હું એ પરમ મહિમાવાન પરમાત્માની પ્રતિમારૂપ જોઉં છું,
એટલે આંખ બંધ કરવાની આવશ્યકતા મારે નથી રહી.
આ જ મારી સર્વોત્તમ શાંત સ્થિતિનું રહસ્ય છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૨૩. હૃદય માગું છું.

પ્રભાતના પ્રથમ પ્રહરમાં,
સમીપવર્તી સરોવરમાંનાં કમળ કળા કરીને ખીલી ઊઠ્યાં, પુષ્પો પ્રકટી ઉઠ્યાં,
ત્યારે મેં તમારી પાસે વજ્રના જેવું હૃદય માંગ્યું,
તેથી તમને હસવું આવ્યું ?
મારી આવી માગણીને માટે હસવું આવે એ સ્વાભાવિક છે;
છતાં પણ તમને શી ખબર કે એ માગણીમાં મારું સર્વસ્વ સમાયેલું છે ?
હા, હું તમારી પાસે હૃદય માગું છું :
સંસારના સાધારણ અથવા અસાધારણ આઘાત-પ્રત્યાઘાતોને જે ઝીલી શકે :
દુ:ખોથી ડગી કે ડરી ના જાય:
ચિંતા જેને ચંચલ કે ચલાયમાન ના કરે :
નિરાશા કે નિષ્ફળતાથી જે નાસીપાસ ના થાય :
વેદના જેના મર્મસ્થાનને વ્યથા પહોંચાડીને વલોવી નાખે નહિ :
સંગ્રામમાં શૌર્ય બતાવતા શૂરવીરની જેમ, જે પૌરુષથી પ્રેરાઈને સસ્મિત ઘા સહે :
અંતઃસ્થ શાંતિને સાચવીને આનંદ લહે :
લોકાપવાદથી હતાશ કે હતપ્રભ થયા વિના,
પોતાની પસંદગીના પથ પર પ્રસન્નતાપૂર્વક પ્રયાણ કરવામાં મદદરૂપ બને :
રાગ અને દ્વેષ, અહંતા અને મમતા, હર્ષ ને શોક,
નિંદા ને સ્તુતિ, પતન અને ઉત્થાનની અસરથી અલિપ્ત રહે.
અને સમસ્ત સૃષ્ટિનો સ્નેહ, સર્જનની શાંતિ, શુચિતા ને સુધામયતા
જેના અણુએ અણુને આલોકિત કરે,
પદ અને પ્રતિષ્ઠાથી જે મદોન્મત્ત ના થાય;
સંપત્તિ કે વિપત્તિ જેને કટુ કે ક્લિષ્ટ ના કરી જાય :
લાગણીના પ્રવાહો જેમાં પેદા થવા છતાં
લાગણીવશ થઈ જે ભાન ના ભૂલી જાય:

એવું કઠોર છતાં કોમળ,
સ્નેહાળ છતાં શુચિ ને શૂરતાભરેલું,
સહનશીલ, સુધામય, સ્વસ્થ કે શાંત હૃદય માંગું છું.
એ હૃદયના પ્રભાવથી જ આજની કટોકટીમાંથી માર્ગ કાઢી શકીશ.
નવસર્જનના પ્રભાતના પ્રથમ પ્રહરમાં કમળો કળા કરીને ખીલી ઊઠશે;
જીવનમાં જાદુ ભરશે.

☼ ☼ ☼ ☼ ☼

## ૨૪ તને ખબર છે ?

મારા ભાઈ !
તું કાશી, મથુરા ને દ્વારકામાં ફરે છે,
પરંતુ તને ખબર છે કે,
મન મથુરા છે, કાયા કાશી છે, અને દિલ દ્વારકા છે ?
ગંગા, જમના ને સરસ્વતી તારી અંદર જ છે.
ત્રિવેણીસંગમ પણ ત્યાં જ થઈ રહ્યો છે-તારી કાયામાં,
એ વાતના રહસ્યને તું જાણે છે ?
પુણ્યધામોના પ્રવાસ ના કર એવું કહેવાનો આશય નથી,
પરંતુ એકલી બહારની યાત્રા જ યાત્રા નથી,
અંદરની યાત્રા પણ છે.
તારું પ્રત્યેક પરમાણુ પવિત્ર છે, પ્રાણવાન છે, પ્રેરણાસ્પદ છે.
તારા પોતાના દિલરૂપી દેલાવયમાં દેવોના દેવ બિરાજમાન છે.
એમના દર્શનથી જ તને શાંતિ સાંપડી શકે તેમ છે.
એ વાતની તને ખબર છે ?

☼ ☼ ☼ ☼ ☼

## ૨૫. ભારતને

પ્યારા ભારત !
સત્ય, શિવ ને સુંદરની સાધના સારું તેં જન્મ ધારણ કર્યો છે.
અને તારા શૈશવકાળથી જ આત્માની અમરતાનું જયગાન ગાયું છે.
વસુધાને કુટુંબવત જ નહિ કિન્તુ જડ ને ચેતનને,
અરે, પૃથ્વીના પ્રત્યેક પરમાણુને પ્રેમ કરવાનો પાઠ તેં પૂરો પાડ્યો છે,
અને અવનીની આંતરિક એકતાની આરતિ ઉતારી છે.
તારે ખોળે માનવે સૌથી પહેલાં જન્મ ને મરણના રહસ્યની શોધ કરી.
અંતરના અંતરતમમાં ડૂબકી લગાવી,
ને પૃથ્વીની પારના પ્રદેશનો પાર પામવાના પ્રયાસ પણ
સૌથી પહેલાં તારા જ પુત્રોએ કરી જોયા.
તેં વિશ્વને ઉદારતા, સમભાવ, સહાનુભૂતિ, સંપ ને શાંતિના સંદેશ આપ્યા,
પુરુષને પુરુષોત્તમમાં પલટાવનારી સાધના શીખવી.
સૌના સુખ, સૌની શાંતિ, ને સૌની સમૃદ્ધિનો સૂર સંસ્કૃતિના ઉષઃકાળમાં જ છેડ્યો.
તારાં શાસ્ત્રો ને તારા સંતોએ સૃષ્ટિને સુધાસિંચન કરીને ચકિત કરી.
બહારથી આવનારને તેં હંમેશા અતિથિ માનીને આદર આપ્યો.
અને આજે પણ...દુનિયામાં તું જ એવો છે
જેની પ્રજા પરદેશને પચાવી પાડવા કે પારકી પ્રજાને પદદલિત કરવા
પોતાની સીમા છોડીને બહાર નથી ગઈ.
પછી તારા પ્રત્યે મને પ્રેમ કેમ ના હોય ?
તારે માટે સર્વસમર્પણ કરવાની કામના કેમ ના હોય ?
તું અમર રહે, અને અવનીને અમર જીવનનો મંત્ર દે, પ્યારા ભારત !
મહીમંડળના મંગલને માટે તારું જીવવું ને સુસમૃદ્ધ થવું જરૂરી છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૨૬. છેક શૈશવકાળથી જ

છેક શૈશવકાળથી જ મારી પૂજાની સામગ્રી
મેં તમારે ચરણે અર્પણ કરી છે, મારા પ્રભુ !

તમારે માટે મેં બનતી બધી જ કુરબાની કરી છે; ફકીરી ધરી છે.
છેક શૈશવકાળથી જ મારી સેવાની સામગ્રી મેં તમને અર્પણ કરી છે

તમારાં દર્શન માટે મારે દૂર જવું નથી પડ્યું.
એકાંત સરિતાતટ પર કે પ્રશાંત પર્વત પ્રદેશમાં પલાંઠી વાળીને
અંતર્મુખ થવા માટે સદાને સારું સાધન નથી કરવું પડ્યું.

તમારું દર્શન મારે માટે આ અવનીમાં આંખ ઊઘાડી ત્યારથી જ સહજ થયું છે.
સૃષ્ટિના સુંદર સ્વરૂપમાં તમારો સાક્ષાત્કાર કરીને હું કૃતકૃત્ય થયો છું.

છેક શૈશવકાળથી જ તમારી એવી રીતે ઝાંખી કરીને,
મારી આરાધનાનાં અનંત પુષ્પો તમારી પ્રસન્નતાને સારું સમર્પિત કરતો રહ્યો છું.

☼ ☼ ☼ ☼ ☼

## ૨૭. જન્મદિવસનો મહિમા

જન્મદિવસ શાને માટે આવે છે ?
જીવનધ્યેયની સંસ્મૃતિ કરાવવા.
જીવનનું કોઈ ધ્યેય છે કે જીવન ધ્યેયવિહોણું છે ?
એ ધ્યેય કેવું હોઈ શકે ને શું છે ?
તેનું મનન કરાવવા.

જન્મદિવસ શાને માટે આવે છે ?
વીતેલા વરસની પળોને અથવા એના પ્રસંગોને પુનર્જિવિત કરાવવા.
એમનું સરવૈયું કાઢવા, અને એક તટસ્થ નિરીક્ષકની જેમ
એમના સારાસારને પારખવાની શક્તિ પૂરી પાડવા,
અથવા તો એમનો નિષ્કર્ષ કાઢવાની શક્યતા પ્રદાન કરવા.
ભૂલ્યા ત્યાંથી ફરી ગણવા; જાગ્યા ત્યાંથી સવાર સમજવા.

જન્મદિવસ શાને માટે આવે છે ?
શુભને સારું સંકલ્પ કરવા; અશુભને અંજલિ આપવા;
શ્રદ્ધાને બળવત્તર બનાવવા; આશા અને ઉલ્લાસને દ્વિગુણિત કરવા;
નિરાશને નવજીવન ધરવા;
શેષ રહેલી સફર સારું સામગ્રી કે સાધનનો સંચય કરવાનો અવસર આપવા;
અને એવી રીતે અવની પરના અસ્તિત્વને
અવનવું, અસાધારણ, આકર્ષક, અમીમય, અમર કરવા.

☼ ☼ ☼ ☼ ☼

## ૨૮. પ્રવાસીને

જ્યાં લગી મંઝિલ ના મળે ત્યાં લગી પ્રમાદ કેવો, પ્યારા પ્રવાસી !
પરમ પ્રકાશના પથ પર પ્રયાણ કરવામાં પ્રમાદ કેવો ?
રવિનાં રશ્મિ પૃથ્વી પર પ્રકાશ પાથરે છે.
અવનીના અણુએ અણુમાં અભિનવ જીવનના અગ્રદૂત જેવાં પ્રસરી રહે છે:
પોતાના પુણ્યમય પ્રવાસમાં એમને ક્યાં આળસ છે ? ક્યાં થાક છે ?
વિશ્રામનો વખત પણ ક્યાં છે ?
મંઝિલ ના મળે ત્યાં લગી, તને પણ પ્રમાદ ક્યાંથી હોઈ શકે ?

જંગલના ઝરણાં મધુમય મૌનમાં કે સુધાસભર શાંત સ્વરમાં વહી રહ્યાં છે.
રણમાં પણ રસ રેલાવતાં, મરુભૂમિને મધુતાથી મઢતાં
આગળ ને આગળ વધ્યે જાય છે, પોતાનો કલરવ નથી છોડતાં
અવરોધો આવે છે તો પણ આનંદપૂર્વક આગળ વધે છે, દોડે છે,
અને એવી રીતે આખરે-સરિતા કે સાગરની સોડમાં સમાઈને શાંતિ પામે છે.
મંઝિલ ના મળે ત્યાં લગી, તને પણ પ્રમાદ ક્યાંથી હોઈ શકે ?

અવરોધ આવે, આફત આવે, વિરોધના વંટોળ ચઢે,
પીડાના પાવક પ્રજળે કે પૂર્ણતાના પથમાં પ્રતિકૂળતાના પર્વત પડે,
તો પણ અમે હિંમત રાખીશું. કાયરતાને ખંખેરી કાઢીશું,
આગળ વધીશું, છેવટે વિજય પામીશું :
એવા આત્મબળથી આગળ વધ, પ્યારા પ્રવાસી ! ગગનને ગજવી દે.
પરાજય તો ડરપોક તથા કાયરને માટે છે:
જે હિંમતવાન છે તેને નિષ્ફળ થવાનું નથી રહેતું.
તેના લલાટમાં તો પ્રત્યેક પગલે વિજયના લેખ જ લખાયેલા હોય છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૨૯. સંતોષ

કુંભમેળા કરતાં પણ વધારે મહિમાવાળા
આ મહીમંડળના મેળામાં તમે મને મોકલ્યો છે,
તેને માટે તમારો આભાર માનું છું.

આ મેળામાં અનેક પ્રકારનાં રૂપ અને અનેક પ્રકારના રંગો છે.
અનેક પ્રકારના રસ અને અનેક પ્રકારના રસાસ્વાદ છે.
પ્રકૃતિની એ બધી લીલાની વચ્ચે રહીને હું તમારું ગૌરવગીત ગાયા કરું છું,
અને તમને અહોનિશ મારા અનુરાગનો અર્ઘ્ય આપું છું.

મોટા ભાગના મનુષ્યો મેળાની મોહિનીમાં તમને ભૂલી ગયાં છે.
એવું મારા સંબંધમાં નથી બન્યું એનો મને સંતોષ છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૩૦. કેમ ચાલશે ?

દુઃખના દાવાનલથી ડરી જઈશ તો કેમ ચાલશે ?
પ્રગતિના પ્રકાશમય પરમપાવન પથમાં દુઃખના દાવાનલ તો આવવાના જ.
મનોબળવાળાને એ કશું જ નહિ કરવાના,
પરંતુ કાયરને તો જોતાં જ જલાવી દેવાના.

પ્રતિકૂળતાના પ્રખર પવનથી કે વિરોધના વાવાઝોડાથી
ડગીને ડરી જઈશ તો કેમ ચાલશે ?
કર્તવ્યના કઠોર કુરુક્ષેત્રમાં પ્રતિકૂળતા ને વિરોધના વાવંટોળ તો આવવાના જ.
મજબૂત મનોબળવાળા સત્યપરાયણ પુરુષને એ કશું જ નહિ કરવાના,
પરંતુ ડરપોકને તો દર્શનથી જ ડરાવી દેવાના.

અનીતિ, અન્યાય, અનૃત અને અત્યાચારથી
હિંમત હારી જઈશ તો કેમ ચાલશે ?
જીવનના જટિલ જંગમાં, વિવિધ વ્યવહારોની વચ્ચે,
એ સૌનો સામનો તો કરવો જ પડવાનો,
સત્ય સંકલ્પવાળા, અનર્થની સામે શિર નહિ ઝુકાવનારા,
સમ્યક્ સામનો કરનારા કર્મવીરને એ કશું જ નહિ કરવાના,
પરંતુ નાસીપાસ થનારને ક્ષણવારમાં જ લાચાર કરવાના.

પંથમાં પડેલા કંટકથી, અછતથી, અવહેલનાથી,
અસફળતાની આવૃત્તિથી ભાગ્યને દોષ દઈને
મૃતઃપ્રાય બનીને બેસી રહીશ તો કેમ ચાલશે ?
પૂર્ણતાનો પુણ્યપ્રવાસ સંકટના કંટકથી ભરેલો છે.
એમાં અછત, અવહેલના, અસફળતાની આવૃત્તિ પર આવૃત્તિ આવ્યા કરે છે.
મહારથીઓ એમાંથી જ માર્ગ કરે છે, સ્મિત કરે છે, આગળ વધે છે.

ફક્ત દુર્બળ દિલના માનવો જ એનો અફસોસ કરે છે.
આંસુ સારે છે, અને અકાળે વિના-મૃત્યુ મૃત્યુ પામે છે.
અવહેલના, અછત, અસફળતા, આપત્તિથી
આશાને છોડી દઈને અકાળે અવસાન પામશે તો કેમ ચાલશે ?

ગરલને સરળ, સુધામય કર; દુઃખને સુખ ગણ;
પ્રતિકૂળતાની પણ અનુકૂળતા કર;
પ્રગતિ, પ્રકાશ, પૂર્ણતાના પથ પર આગળ ને આગળ પગલાં ભર !
જીવનને હાથે કરીને વધારે જડ, ઝેરી, જટિલ કરીશ તો કેમ ચાલશે ?

☼ ☼ ☼ ☼ ☼

## ૩૧. માળી

માળી ?
હા, માળી.
વિશ્વની વિશાળ વાટિકામાં તમે મને માળી કરીને મોકલ્યો છે :
હા; માળી કરીને.
માળી ઉદ્યાનમાંથી ફોરમવંતા ફૂલને ચૂંટી લે છે,
અને ઉદ્યાનની માટીને તથા બીજી મલિનતાને પડતી મૂકે છે,
તેમ સંસારમાંથી સારને ગ્રહણ કરીને હું સાચવી રાખું છું,
એને જ તમારી તથા બીજાની સેવામાં ધરું છું.
અને જે અસાર અથવા અશુલ છે એના તરફ અંગુલિનિર્દેશ નથી કરતો :
એનું પ્રદર્શન કરીને વિશ્વના વિમળ વાતાવરણને વિષથી નથી ભરતો.
આ મારી પ્રકૃતિ છે, આદત છે,
અને એ આવી જ અખંડ રહેવાની છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૩૨. કલાકાર

'તમે કોણ છો ?' પુષ્પોના ઉપવનમાં તેણે મને પ્રેમપૂર્વક પૂછ્યું.

મેં કહ્યું : 'કલાકાર'.

'કલાકાર ?' તેને કાંઈ સમજ ના પડી.

'હા, કલાકાર.' મેં સ્પષ્ટીકરણ કર્યું : 'કેમ ? હું કલાકાર ના હોઈ શકું ?'

'હોઈ શકો. કિન્તુ કેવાક કલાકાર છો ? શિલ્પી છો ? '

'ના.'

'ત્યારે સંગીતજ્ઞ છો ?'

'ના. સંગીતજ્ઞ પણ નથી.'

'તો પછી નૃત્યકાર કે ચિત્રક હશો !'

'ના. નૃત્યકાર કે ચિત્રક પણ નથી.'

'ત્યારે શું લેખક કે કવિ છો ?'

'ના. એવું પણ ના કહી શકાય.'

'ત્યારે તમે કલાકાર નથી એમ જ કહોને !'

'એમ તો કેવી રીતે કહી શકું ?'

'તો પછી તમે શેના કલાકાર છો ?'

અને........

મારા શબ્દો સાંભળીને એ સ્તબ્ધ થઈ ગયો.

મેં સસ્મિત કહ્યું :

'જીવનનો. હું જીવનનો કલાકાર છું.

સંકલ્પોનો-સ્વપ્નાનો શિલ્પી છું.

અનેકતામાંથી એકતાનો આવિર્ભાવ કરનાર સંગીતજ્ઞ છું.

તન અને મન પર નિયંત્રણ કરનાર નૃત્યકાર.

ચારુતાને ચિત્રિત કરનાર ચિત્રક,

વિશ્વના કવિવરની કલમ બન્યો છું માટે લેખક કે કવિ પણ.
એમ તમારી દુનિયાનો કલાકાર ના હોવા છતાં
મારી નાનકડી દુનિયાનો કલાકાર.'

☼ ☼ ☼ ☼ ☼

## 33. શરદઋતુના આકાશને અવલોકીને

શરદઋતુના આજના આકાશને અવલોકીને
મને અપાર આનંદ થયો છે; ઘણું જાણવાનું મળ્યું છે.
મારી શંકા મટી ગઈ છે.

કેટલું બધું નિરભ્ર, સ્વચ્છ આકાશ છે ?
સુંદર તથા સુધામય પણ કેટલું ?
વર્ષાઋતુની પરિસમાપ્તિ પછીનું આવું આકાશ આજે જ જોવા મળ્યું છે.

મારા મનમાં અત્યાર લગી એમ હતું કે
જીવનમાં આટલી બધી અસાધારણ વિશુદ્ધિ
અથવા અમૃતમયતાનો આવિર્ભાવ નહિ થઈ શકતો હોય;
પરંતુ આજે મને પ્રતીતિ થઈ કે,
એવી શુદ્ધિ, સુંદરતા અને સુધામયતા શક્ય છે, એટલું જ નહિ, સત્ય છે.

એની પહેલાં વર્ષાનાં વાવાઝોડાં થાય,
વિઘ્નો કે વિષાદની વીજળી ચમકી જાય,
અશાંતિ અથવા તો અસ્વસ્થતાનાં અભ્ર પણ એકઠાં થાય,
પરંતુ આખરે તો એમનો અંત આવવાનો, એ બધાં વિખેરાઈ જવાનાં,
અને જીવન આવું જ-અરે આથી યે અધિક આકર્ષક,
અમીમય, અમલ બનીને પ્રકાશી રહેવાનું.

શરદઋતુના આજના આકાશને અવલોકીને
મારી એ શ્રદ્ધા જાગીને બળવત્તર બની ગઈ.

☼ ☼ ☼ ☼ ☼

## ૩૪. જ્યાં છે ત્યાં જ રાજી રહે

પર્વતની સોડમાંથી સરી જતી સરિતાએ પ્રભાતના પ્રથમ પ્રહરમાં પર્વતને કહ્યું :
"આ અસ્ખલિત એકધારા અભિસરણથી હવે હું કંટાળી ગઈ છું.
આમાં મને આનંદ નથી રહ્યો.
હું અસ્થિર છું, ત્યારે તું કેવો સ્થિર થઈને ઊભો રહ્યો છે ?
વરસોથી, અરે યુગોથી, શાંત સમાધિ ધારીને તું આનંદે છે;
જ્યારે મારા ઉરમાં ઉદ્વેગ છે.
પળવારને માટે મને પર્વત બનવા દે તો તારો ઉપકાર.
તને સરિતા થવા દઉં."
પર્વતે પ્રસન્નતાપૂર્વક હા પાડી. સરિતાને પોતાનું સ્વરૂપ ધર્યું.
પરંતુ........
એકાદ બે દિવસમાં સરિતા અશાંત બનીને અકળાઈ ઊઠી.
"અરે, પ્યારા પર્વત ! આના કરતાં તો મારું સરિતા સ્વરૂપ જ સારું હતું.
આ જીવન તો જડ છે, આમાં નરી શુષ્કતા છે.
નિશ્ચેતનતા છે, પ્રાણ નથી.
અભિસરણ અને એની દ્વારા અવનવા અવનીખંડોને અવલોકવાનો આનંદે નથી."
પર્વતે તેનું સરિતા તરીકેનું સ્વરૂપ પાછું પ્રદાન કર્યું.
સરિતાને શાંતિ વળી.
પર્વતે કહ્યું :
"સરિતા ! સ્વાદ, સ્થિરતા તથા શાંતિ -ઉભયની અભિલાષા સાથે ના રાખી શકાય.
છતાં પણ રાખવી હોય તો જ્યાં છે ત્યાં રાજી રહે અને અભિસરણનો આનંદ લે.
અડગ રીતે એકલા ટકી રહેવું કાંઈ સહેલું નથી."
સરિતા નિરુત્તર રહી.

☼ ☼ ☼ ☼ ☼

## ૩૫. મારી પરિસ્થિતિ

મારા મનમાં જે ભાવ કે વિચાર ઊઠે છે
તે તમારી જ ઈચ્છાથી, અનુકંપાથી કે શક્તિથી ઊઠે છે એવો મારો વિશ્વાસ છે,
એટલે જે ભાવ કે વિચાર ઊઠે છે તે મંગલમય ને મધુર જ ઊઠે છે.

મારા હૃદયમાં જે લાગણી કે ઊર્મિનો આવિર્ભાવ થાય છે
તે તમારે લીધે જ થયા કરે છે એવી મારી અનુભૂતિ છે,
એટલે જે લાગણી કે ઊર્મિનો આવિર્ભાવ થાય છે
તે સાચો ને શ્રેયસ્કર જ થયા કરે છે.

મારી વાણીનું રઢિયાળું રસમય રૂપ ધરીને તમે જ વહન કરો છો :
કલમ દ્વારા પણ તમે જ ટપક્યા કરો છો :
મારી દૃષ્ટિ દ્વારા સંસારને સ્પર્શ કરીને સંસારમાં સુધા ભરો છો :
અને મારા હલનચલનમાં તેમજ હાલતાચાલતા રહી,
શ્વાસોશ્વાસમાં તમે જ જીવન થઈ, મારામાં સંચાર કરો છો.
એટલે એ બધું જ મધુમય, મંગલ બની ગયું છે.

બહારથી જોનારને મારા વિના કદાચ કશું ના લાગે,
પરંતુ અંદરથી અવલોકન કરનારને તમારા વિના બીજું કશું જ ના ભાસે,
એવી મારી પરિસ્થિતિ છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૩૬. નિશ્ચયબળ

ગંગાના તોફાની તરંગો ઉછાળા પર ઉછાળા મારે છે,
એના પરથી એક નાનીશી નાવડી પસાર થઈ રહી છે,
સમીરના સુસવાટા ચાલે છે, ચંચલ ચપલા ચમકે છે,
ગગન ગડગડાટ કરે છે,
વરસાદ પોતાના તાંડવનૃત્યનો આરંભ કરતાં અવનીને આલિંગન આપે છે.
વાતાવરણ વધુ વિકરાળ બનાવનારું, ભયાનક છે,
છતાં પણ નાવિક નિર્ભય છે, વિહ્વળ નથી થતો :
ઉપરાઉપરી હલેસાં માર્યા કરે છે; આગળ ધપે છે.
પુરુષાર્થની પરમ ગાથા ગાતી નાવડી છેવટે નદીકિનારે પણ આવી પહોંચે છે.

તોફાની તરંગો આવો, સમીરના સુસવાટા શરૂ થાવ, ચપલાના ચમકાર હો,
ગગનની ગર્જનાઓની વચ્ચે મૂશળધાર વેદનાનો વરસાદ વરસો.
કમનસીબીની કહેવાતી બધી જ ક્રિયાઓ એમ ચાલુ રહો તો પણ શું ?
પ્રગતિના પાવન પથ પરથી પાછો નહિ હઠું,
હિંમત નહિ મૂકું, હતાશ નહિ બનું, ધ્યેય નહિ ચૂકું,
વિહ્વળ તથા ભયભીત થયા વિના મારી સફર ચાલુ જ રાખીશ.
બાહુમાં બળ, ઉરમાં ઉમંગ, શ્રદ્ધા, સંકલ્પ અને અંતર્યામીનો અનુગ્રહ છે,
પછી શું ? શેની બીક ?
નીકળ્યો જ છું તો ડરી કે ડગી જઈને અધવચ્ચે જ નહિ મરું !
સ્વપ્નાંને નિરર્થક નહિ જ કરું !

☼ ☼ ☼ ☼ ☼

## ૩૭. એકત્વની આકાંક્ષા

એક દેશ, એક વેશ ને નરેશ,
એક જ ધર્મ, સંસ્કૃતિ, વાણી, એક જ જાતનો ઉજેશ,
એને માટે મારી પ્રાર્થના ન હતી, આજે પણ નથી;
મારી પ્રાર્થના તો અનેકતામાં એકત્વની પ્રતિષ્ઠાની છે.

વિશ્વમાં જે વિવિધતા છે તેનો નાશ થાય તેવી આકાંક્ષા હું નથી રાખતો :
એ વિવિધતા મને ગમે છે, એથી આ સર્જન વધારે સુંદર લાગે છે.
એ વિવિધતા ભલે રહી.
કિન્તુ એને લીધે જે ઘર્ષણ થાય છે,
ભેદભાવની ખાઈ ખોદાય છે, સ્પર્ધાની શરૂઆત થાય છે,
અહંતા-મમતા તથા તિરસ્કારવૃત્તિનું તાંડવનૃત્ય ખેલાય છે,
એનો અંત આવે એવો આશીર્વાદ અવશ્ય આપો.
બાકી એ વૈવિધ્યનો પોતાનો જ અંત આણવાની ઈચ્છા મેં કદી નથી રાખી;
આજે પણ નથી રાખતો.

એક ભાષા, એક રીતરિવાજ, એક દેશ,
એક જ જાતનો કાર્યક્રમ, એકસરખો પહેરવેશ,
એને માટે મારી પ્રાર્થના ન હતી, આજે પણ નથી;
મારી પ્રાર્થના તો અનેકતામાં એકત્વની પ્રતિષ્ઠાની છે.
પ્રજાઓ ભલે પૃથક્ રહેતી અને રાષ્ટ્રો તથા સરકારોયે અલગ :
પોતપોતાની આગવી રીતે એ ભલે આગળ વધે અને જીવનનો આસ્વાદ લે :
એમના અસ્તિત્વને મિટાવી દેવાની મારી મરજી નથી :
હું તો એવી આકાંક્ષા રાખું છું કે,
એમનાં મન, એમના અંતર, એમના આત્મા

એકતાના અલૌકિક આલાપથી અલંકૃત બને, અવનીને એક અને અલંકૃત કરે !

જુદી જુદી સરિતાઓ સાગરમાં મળે છે,
સૂર્યનાં કિરણો સાયંકાળે જેમ સૂર્યમંડળમાં પાછાં ફરે છે
એમ એમની વૃત્તિ અને પ્રવૃત્તિ
મહીમંડળના મંગલના મહોદધિ તરફ જ પ્રગતિ કરે અને પાછી વળે !

એક દેશ, એક વેશ ને નરેશ,
એક જ ધર્મ, સંસ્કૃતિ, વાણી, એક જ જાતનો ઉજેશ,
એને માટે મારી પ્રાર્થના ન હતી, આજે પણ નથી;
મારી પ્રાર્થના તો અનેકતામાં એકત્વની પ્રતિષ્ઠાની છે.

☼ ☼ ☼ ☼ ☼



## ૩૮. દીપક ને પતંગિયું

દીપકે પતંગિયાને કહ્યું :
અરે પતંગિયા ! આખી અવનીને હું પ્રકાશ પૂરો પાડું છું.
મારા પ્રતાપની તને ખબર નથી શું ?
જરા સંભાળીને ચાલ, નહિ તો હમણાં જલી જઈશ.

પતંગિયાએ પ્રત્યુત્તરમાં જણાવ્યું :
તારો પ્રકાશ પ્રખર છે તેની મને માહિતી છે.
પરંતુ એથી શું ?
એનું આટલું બધું અભિમાન શા માટે ?
તું પ્રકાશ પૂરો પાડે છે તેમ બીજાના જીવનને જલાવે પણ છે,
તેની હું જગતને જાણ કરી દઈશ.

અને પતંગિયું દીપકની દિશામાં દોડી ગયું.

☼ ☼ ☼ ☼ ☼

## ૩૯. શરદઋતુનો સોનેરી સમય

દેવદારનાં વૃક્ષોની સુમધુર પવનલહરી લઈને આવનારો
શરદઋતુનો સોનેરી સમય કેટલો બધો સુંદર, સરસ, શાંત, સુધામય લાગે છે !
સારસપક્ષીની પંક્તિથી સરિતાતટને સુશોભિત કરનારો,
સુમધુર સ્નેહનું સિંચન કરતો સમય,
મારા રાગથી રંગાયેલા વિરહી હૃદયને વ્યથાથી ભરે છે :
તારે માટે બેચેન કરે છે.

ચાંદની રાત છે.
ઠંડો, વહાલની વીણાનું વાદન કરતાં વિશ્વમાં વ્યાપક બનનારો, વાયુ છે.
સમીપના સરોવરમાં સ્નાન કરતી કુમુદિની સાથે કેલિ કરતાં
ચંદ્રનાં ચારુ કિરણ છે.
રસમાં રાચી રહેલી, રઢિયાળી રજનીગંધાની હૃદયમાં રસ રેલાવનારી સુવાસ છે.
શાંતિ છે અને એકાંત પણ છે.
એ બધું તારા અમૃતના આગાર જેવા અંગાંગમાં એક થવા, લપાઈ રહેવા, પ્રેરે છે.
તારા આત્માની સાથે, અનુરાગની અક્ષય અંજલિ આપતાં,
ઓતપ્રોત થઈ જવા આતુર કરે છે.
શરદઋતુનાં ટૂંકા દિવસ ને લાંબી રાત તારા સંસર્ગ માટે આતુર કરે છે.

તારા અમીમય આશ્લેષમાં જે રાત
કોઈ સુખમય, શાંતિસભર, સમાધિમય, સ્વર્ગીય ક્ષણની જેમ વીતી જતી હોત,
તે તારા વિરહમાં અતિશય લાંબી લાગે છે.
સમુદ્રમંથનથીયે વધારે મંથન જગાવીને શોકે ભરે છે :
ના જાણે આવી કેટકેટલી કરુણાતિકરુણ કવિતા ધરે છે, વેદના ધરે છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૪૦. લાગણી ને માગણી

દુઃખના દાવાનલ સળગે તો પણ હું એમને શાંતિથી સહન કરું :
જગતના જટિલ જ્વાલામુખી મારા જીવનને જડ ના કરે,
હતાશા ને વિનાશની રાખથી ના ભરે;
એ જ્વાલામુખીનો સામનો કરતાં એમની સામે સ્મિત સાથે ઊભો રહું.

પીડાના પથ્થરપ્રહારોથી મારો પ્રાણ પીડિત ના થાય; પામર ના બને;
એમને કુસુમ જેવા કોમળ ગણે;
ગમે તેટલા ને ગમે તેવા વિરોધો પણ મને વ્યાકુલ ના કરે,
મારી શાંતિને ના હણે.

મારા પર જે કાંઈ વરસે તે સઘળું સહન કરું, શાંતિ સાથે સહન કરું,
પરંતુ બીજાનું જરા જેટલું પણ દુઃખ કે દર્દ ના સહું-
-એને દૂર કરવાના પ્રયાસમાં સર્વોત્તમ સુખ લહું,
એટલી જ મારી લાગણી છે; એ માટે મારી માગણી છે !

☼ ☼ ☼ ☼ ☼

## ૪૧. શરદઋતુનું સ્વાગત હો !

સ્વર્ગમાંથી ઉતરનારી અલૌકિક અપ્સરા જેવી
શરદઋતુનું સ્વાગત હો !
સરિતાઓને એ નિર્મળ કરીને તથા નવા નેહે ભરીને,
પોતાના પ્રિયતમ પ્રતિ વહાલપૂર્વક વહેતી કરે છે :
એમને વિષાદનાં વાદળ વિનાનું વિશદ,
અવનીને માટેના અપાર અનુરાગથી અલંકૃત કરે છે :
ચંદ્ર તથા સાગરને સ્નેહસંગીતની નવી સુરાવલિ ધરે છે :
કમળને કાંતિ, ભ્રમરપંક્તિને ભ્રાંતિ તથા
એમના હૃદય પર રાસ રમાડીને શાંતિ ધરે છે :
ફૂલોમાં ફોરમ ફેલાવીને મધમાખીને મધસંચય માટે ઉદ્યત કરે છે :
સારસપક્ષીમાં સ્નેહનું સામ્રાજ્ય શરૂ કરી,
સવિતાના શાંત તટપ્રદેશ પર રંગાયેલી રમતો રમાડે છે :
ભાવથી ભરેલાં દંપતીને ભાવતાં ભોજન જમાડે છે; વળી પાછાં ક્ષુધાતુર કરે છે :
હિમાલયના ઠંડા પવનની અસરથી આખી અવનીને ઠંડી કરે છે;
યોગીઓને યોગસાધનાની સિદ્ધિ, તથા ભોગીઓને ભોગ ધરે છે :
સંયોગી એના આગમનને આશીર્વાદ ગણે છે;
વિયોગીને માટે જે વિષાદનું કારણ, વ્યથા, વિષ બને છે :
જે રસ ધરે છે, આનંદ આપે છે, પુરુષાર્થમાં પ્રેરિત કરે છે, જડતા કે ક્લેશ કાપે છે;
મોટામોટા મુનિ, કામી કે મહારથીનાં પણ મનોબળ માપે છે :
એ શરદઋતુનું સ્વાગત હો !
સ્વર્ગલોકમાંથી ઉતરનારી, અલૌકિક અભિસારિકા, અપ્સરા જેવી
શરદઋતુનું સ્વાગત હો !

☼ ☼ ☼ ☼ ☼

## ૪૨. અભિનયનો આનંદ

તમે તૈયાર કરેલા જીવનના આ વિશાળ રંગમંચ પર,
તમે આપેલો અભિનય અલિપ્ત રહીને આનંદપૂર્વક કર્યો જાઉં છું.
તમે જે પાઠ પૂરો પાડ્યો છે તેને ભજવ્યે જાઉં છું.
કોઈપણ પ્રકારના બડબડાટ, ઉહાપોહ કે દેખાવ વગર,
અત્યંત શાંતિ અને આરામપૂર્વક, મારે ફાળે આવેલા અભિનયનાં અજવાળાં
પૃથ્વી પર પ્રતિદિન પાથર્યે જાઉં છું;
દિલ પર એનો ડાઘ નથી લાગવા દેતો.
લોકોનું મારું જીવનસાફલ્ય કે સુખ જોઈને વિસ્મય થાય છે.
પરંતુ એનું રહસ્ય આ જ છે :
તમારું અનંત અનવરત અનુસંધાન અને અભિનયની એકધારી અલિપ્તતા.
અને....એક દિવસ આ જ રીતે અભિનય કરતાં કરતાં,
એની પૂર્ણાહુતિ પર પહોંચીને,
તમે આપેલો પાઠ તમને પુનઃ પ્રદાન કરીશ,
જે તમારું છે તે સસ્મિત, શાંતિપૂર્વક તમારાં ચરણમાં ધરીશ.

☼ ☼ ☼ ☼ ☼

## ૪૩. પૃથ્વીની ચાહના

આ પૃથ્વીને ચાહું છું.
આ અવનીના એકેક અણુને, પૃથ્વીના પ્રત્યેક પરમાણુને,
પવિત્ર માનું છું, પ્રેમ કરું છું.
આ પૃથ્વીને ચાહું છું.
અંતરના અંતરતમમાં અનુરાગનો અર્ઘ્ય ભરીને
પ્રત્યેક પળે એને માટે ઠાલવ્યા કરું છું.
પ્રાણમાં એને માટેના પવિત્ર પ્રેમના પડછંદા છે;
રક્તમાં એના રાગનો રણકાર.
મારી કૃતજ્ઞતાભરી કવિતામાં એને અક્ષય અંજલિ આપ્યા કરું છું.
ના, મારે મન એ જડ નથી, ચેતન છે.
એના પ્રત્યેક પરમાણુમાં પ્રકાશ છે, પ્રેરણા છે, પરિમલ છે.
એ મારું શૈશવનું પારણું બની છે,
યૌવનની વિહારભૂમિ થઈ છે,
વૃદ્ધાવસ્થાની વિશ્રાંતિ.
જીવનના નાનામોટા પ્રવાહ સાથે
એવી તો એકાકાર બની ગઈ છે, ભળી ગઈ છે, કે વાત નહિ.
એને મારાથી, મારા અનંત જેવા જીવનથી વિભક્ત નથી કરી શકતો.
એની પ્રત્યેક વસ્તુને, એના પ્રત્યેક પદાર્થને, ચાહું છું.
કેમ કે એણે મને આગળ વધવાની તક આપી છે :
જીવનને જીવન બનાવવાની,
અમરતાના મહાકાવ્યમાં પલટાવવાની કળા પૂરી પાડી છે.
આ પૃથ્વીને ચાહું છું, ખરા દિલથી ચાહું છું; ચાહીશ.
અનંતકાળ લગી, એ હશે ત્યાં લગી, એ પછી પણ ચાહીશ.

☼ ☼ ☼ ☼ ☼

## ૪૪. સત્યની પરિપાટી

માનવમનની સ્વતંત્રતાના સત્યના પરમ આગ્રહી સત્પુરુષે,
પોતાના શિષ્યોને સંદેશ આપતાં કહેવા માંડ્યું :
અમુક વાત વેદોએ કહી છે કે પ્રાચીન શાસ્ત્રોએ ઉપદેશી છે,
એટલા માટે જ એને સાચી ના માની લેતા :
પરંપરાથી ચાલી આવે છે માટે જ સ્વીકારી ના લેતા :
આપ્તજનો કે પૂજ્ય પુરુષોએ પ્રમાણભૂત કહી બતાવી છે,
એટલા જ કારણસર ગ્રહણ ના કરતા :
એ વાત મારા મુખમાંથી નીકળી છે માટે પણ સત્ય છે એવું ના સમજતા :
પ્રત્યેક વખતે તમારી સ્વતંત્ર વિચારશક્તિનો ઉપયોગ કરજો,
અને એના આધાર પર જે યથાર્થ લાગે એને જ અપનાવજો,
હે સત્યશોધકો, એને જ અપનાવજો.

એ સંદેશને સંપૂર્ણ કરવા માટે પાછળથી આટલું ઉમેરવામાં આવ્યું :
અમુક વાત વેદોએ કહી છે, કે પ્રાચીન શાસ્ત્રોએ ઉપદેશી છે
એટલા માટે જ ખોટી પણ ના માની બેસતા :
પરંપરાથી ચાલી આવે છે માટે જ અપનાવવાનો ઈન્કાર ના કરતા.
આપ્તજનો કે પૂજ્ય પુરુષોએ પ્રમાણભૂત કહી બતાવી છે
એટલા જ કારણસર એની અવગણના ના કરી બેસતા :
મારા મુખમાંથી નીકળી છે માટે જ મિથ્યા છે એવું ના સમજતા :
પ્રત્યેક વખતે તમારી સ્વતંત્ર વિચારશક્તિનો ઉપયોગ કરજો,
એના આધાર પર જે યથાર્થ લાગે એને અપનાવજો :

પરંતુ એને જ અપનાવવાનો આગ્રહ એટલા માટે ના રાખશો કે
તમારી વિચારશક્તિ સીમિત છે.

એને વધારે ને વધારે વિશાળ બનાવીને
તમારાથી વિશેષ વિચારવાન અને અધિક અનુભવીના વચનમાં વિશ્વાસ રાખી,
અનુભૂતિના પ્રદેશમાં પણ પ્રવેશ કરજો :
સત્યની શોધને માટે એ પરિપાટીને પણ અનુસરજો,
હે સત્યશોધકો, એ પરંપરાને પણ અનુસરજો.

☼ ☼ ☼ ☼ ☼

## ૪૫. શંકર બની જા એટલે થયું

જીવનમાં એકલું અમૃત જ નથી, વિષ પણ છે,
છતાં પણ વિષથી ડરી જવાનું કામ નથી.
પ્રત્યેક પ્રકારની પ્રવૃત્તિ કરતાં, પ્રત્યેક પગલે વિષનો પરિચય થતો રહે છે.
સુધા તો કોઈક વિરલ સંજોગોમાં સદ્દભાગ્યે જ સાંપડે છે.
વિષની સામે વિષવમન કરવાથી લાભ નહિ થાય : કોઈ હેતુ નહિ સરે.
તેથી તો વાતાવરણ વધારે વિષાક્ત અને વિકરાળ બનશે,
સ્વયં શંકર બની જા એટલે થયું.
હા; કલ્યાણકારી દેવ.
વિષ તારે માટે અમૃત બનશે; તને મહિમા ધરશે.

☼ ☼ ☼ ☼ ☼



## ૪૬. કેમ માનું ?

મારા તમારી સાથેના સ્નેહસંબંધને તથા તમારા સાક્ષાત્કારને
એ લોકો વહેમમાં ખપાવે છે,
પરંતુ એમને ખબર નથી કે એ વહેમ નથી, વાસ્તવિકતા છે.
તમારા અનુગ્રહને પરિણામે પ્રાપ્ત મારી અનુભૂતિઓને
એ લોકો મિથ્યા માને છે.
પરંતુ એમને ખબર નથી કે એ મિથ્યા નથી, સંપૂર્ણ સત્ય છે.
સમસ્ત જીવનને એમણે એશઆરામમાં ગાળ્યું છે; હજુ પણ ગાળી રહ્યા છે;
કેટલાય કુકર્મો કરીને કીર્તિવાળા થયા છે, ધનવાન બન્યા છે,
સમૃદ્ધિના શિખર પર પહોંચ્યા છે;
અને મેં મારું સમસ્ત જીવન તમારા અનુગ્રહની આહુતિરૂપ બનાવીને
એકાંતિક આરાધનામાં પસાર કર્યું છે;
હવે એ લોકો મારા તરફ મોં મચકોડીને કહે છે,
આ તો વહેમ છે, વહેમને પોષણ છે !
પરંતુ એમની એવી આધાર વિનાની વાતને કેમ માનું ?
જેમની સાથે એમને સ્વપ્ને પણ સંબંધ નથી,
જેમને માટે એમણે કદી પણ પુરુષાર્થ નથી કર્યો,
એવા અનુભૂતિના વિષયો પરના એમના અભિપ્રાયને,
અભિપ્રાય આપવાના એમના અધિકારને કેમ માનું ?

☼ ☼ ☼ ☼ ☼

## ૪૭. મૂલાધારનો વિચાર કર

સંસારની સુંદરતા, સુમધુરતા, તને મુગ્ધ ને મોહિત કરે છે ?
એ તને રસ ધરે છે, એના અનંત આકર્ષણમાં અટવાઈને તું કેદ બને છે ?
એને સંસારનું સર્વસ્વ ગણે છે ?
પરંતુ....મારે તને એ જ કહેવાનું છે કે,
કિરણમાં મોહિત થવાને બદલે એ કિરણ જેનું છે તેનો વિચાર કર.
કિરણ આટલું બધું સુંદર, સુમધુર, સ્વાદુ, આકર્ષક છે
તો જેણે એને પેદા કર્યું છે તેની સુંદરતા, સુમધુરતા, આકર્ષકતા કેટલી બધી હશે ?
પોતાના અખૂટ સૌન્દર્યભંડારમાંથી એકાદ ચપટી ભરીને એણે વેરી છે,
એના પરિણામરૂપે સૃષ્ટિમાં સૌન્દર્યમયી સુમધુર વસ્તુઓની ઉત્પત્તિ થઈ છે.
એ મૂલાધારનો વિચાર કર. એમાં કેદ બન.
મારા મન, એથી મુગ્ધ ને મોહિત થા.
હે હૃદય, એને અર્પણ થા. એને માટે જ આસન કર.
હે પ્રાણ, એને માટે પ્રેમમય બન, ફકીરી ધારણ કર. પાગલ બન.
તારી પીડા ટળી જશે, ચિંતા મટી જશે, તારી તૃપ્તિનો પાર નહિ રહે.
હે અંતરાત્મા, એ પરમ આત્મતત્વનો અનુભવ કર.
એના શતદલ કમળનો ભ્રમર બન.

☼ ☼ ☼ ☼ ☼

## ૪૮. ઈશ્વરની કૃપા

તારી મરજી મુજબ કોઈ કાર્ય થાય છે ત્યારે ..
તું એમ માને છે કે ઈશ્વરની કૃપા થઈ,
અને મરજી મુજબનું કાર્ય નથી થતું ત્યારે ..
ઈશ્વરની કૃપા ના થઈ એમ કહે છે, આઘાત લગાડે છે, આક્રંદ કરે છે,
તારી એ પદ્ધતિ પ્રામાણિક નથી; દોષપાત્ર છે.
એનું કારણ એ છે કે તારે માટે શું શુભ અથવા અશુભ,
શું મંગલ અથવા અમંગલ છે, તેની તને પ્રતીતિ નથી.
તારી બુદ્ધિ, દૃષ્ટિ, શક્તિ સર્વકાંઈ સીમિત છે,
એટલે એ સર્વશક્તિમાનના વિધાનને તું નથી સમજતો.
રાત પડે છે ત્યારે રડે છે,
કિન્તુ એની આગળ જ દિવસ છે એ વાતને વિસરી જાય છે.
તાપ તપે છે ત્યારે તપી ઊઠે છે,
કિન્તુ વૃષ્ટિની શક્યતા એને લીધે જ છે એનું સ્મરણ તને નથી રહેતું.
પરંતુ જ્ઞાની, ભક્ત, શ્રદ્ધાવાન તથા યોગી તો ત્યારે જ કહેવાય
જ્યારે એ મંગલમય જે કરે છે તે તારા મંગલને માટે જ કરે છે
એવા વિશ્વાસને સદાયે અચળ રાખે,
અને શુભ કે અશુભ, ઈચ્છાપૂર્વકનું કે ઈચ્છા વગરનું, જે પણ આવી મળે
તેમાં મનની સમતુલાને સાચવી રાખીને એની કૃપાસુધાનો સ્વાદ ચાખે :

બીજી બધીયે શંકા, વ્યથા, ચિંતાને ખંખેરી નાખ :
એ અંતર્યામી પાસે એ માટેની ભિક્ષા માગ.

☼ ☼ ☼ ☼ ☼

## ૪૯. મૃત્યુની મંગલમયતા

માનવજાતિના ડાહ્યા મનાતાં માનવોએ સૃષ્ટિના સૂત્રધારને
વિજ્ઞપ્તિ કરીને કહેવા માંડ્યું કે,
તમારી સૃષ્ટિમાં સઘળું સારું છે પરંતુ મૃત્યુ નિરર્થક છે.
એને દૂર કરી આ પૃથ્વી પર પ્રત્યેક પ્રાણીને અમર જીવનનો આશીર્વાદ આપો.

સર્જનહારે એમની માગણીને માન આપીને કામચલાઉ કાનૂન ઘડી કાઢ્યો;
સમસ્ત સૃષ્ટિમાંથી મૃત્યુને તિલાંજલી આપી.
એ કાનૂન પ્રાયોગિક દશા પૂરતો જ મર્યાદિત હતો.
છતાં પણ યુવાનો એથી અત્યંત આનંદમાં આવી ગયા.
અમરજીવનની અને ચિર સુખોપભોગની એમની આશા અમર થયેલી લાગી.

વૃદ્ધોમાં એથી ખળભળાટ મચી ગયો.
એમણે હડતાળ પાડી, સભા ભરી, સરઘસ કાઢ્યા,
સર્જનહારની વિરુદ્ધ સૂત્રો પોકારવા માંડ્યા.
સૃષ્ટિના સૂત્રધાર પાસે પહોંચીને એમના પ્રતિનિધિમંડળે કહ્યું :
'પ્રભુ ! મૃત્યુ અમારે માટે આશીર્વાદરૂપ હતું.
ઘડપણની દયનીય દશામાંથી છૂટવા માટે અમે એની આશા રાખીને જ બેઠેલા.
તમે એનો અંત આણ્યો એથી તો આ જગત પરનું જીવન
અમારે માટે ઝેરી બની ગયું.
શરીરને બદલવાની હવે કોઈ આશા જ ના રહી.'

અસાધ્ય વ્યાધિવાળા જીવો પણ કહેવા માંડ્યા :
'પ્રભુ ! તમને અમે દયાળુ માનતા'તા;
પરંતુ મૃત્યુને નાબૂદ કરવામાં તમારી નિર્દયતા રહેલી છે.
શરીરની સમાપ્તિ થતાં પીડાની પણ પરિસમાપ્તિ થશે એવી અમારી આશા હતી.

એના પર હવે પાણી ફરી વળ્યું.'

દુઃખી, દીન કે કંગાળ, અને જેમને જરાય ના બનતું
એવાં કેટલાંય દંપતી તથા જીવનથી કંટાળેલા ક્લેશયુક્ત સ્ત્રીપુરુષોએ પણ
ઈશ્વરને પોતાના પ્રાકૃતિક નિયમમાં પરિવર્તન કરવા માટે ઠપકો આપ્યો,
અને એકી સ્વરે સુધારો પાછો ખેંચી લેવાની માગણી કરતાં કહ્યું :
'મૃત્યુને કાયમ રાખો, નહિ તો પછી સંસારમાં શાશ્વત જીવનની સાથે સાથે
આધિ, વ્યાધિ, ઉપાધિ, વાર્ધક્ય, દીનતા, કુસંપ, ક્લેશ કશું જ ના રહે
એવી પણ બાંયધરી આપો.
યુવાન, શ્રીમંત ને સુખીને માટે તમારો સુધારો સારો છે...'

સર્જનહારે સ્મિત કરીને કહ્યું :
'એવી બાંયધરી આપવામાં તો સૃષ્ટિનો અર્થ જ ના રહે.
તમે મહેનત કરીને એ બધાંનો અંત આણી શકો છો.
બાકી મૃત્યુ મંગલમય છે. માટે જ એને કાયમ રાખું છું.'

☼ ☼ ☼ ☼ ☼

## ૫૦. હરખ અને શોક

શરદઋતુની સવારે પર્વતની પંક્તિ પાછળથી
લાંબે વખતે સૂર્યનાં કિરણ નીકળતાં શિશુએ સંતોષ સાથે કહ્યું :
'આજે કેવો સરસ તડકો નીકળ્યો છે ?
ઈચ્છાનુસાર ફરવાની ઘણી મજા પડશે.'

બાજુમાં બેઠેલી માતાએ મુખને મ્લાન કરીને કહેવા માંડ્યું :
'તડકો નીકળ્યો છે પણ તે તો સ્વલ્પ સમય પૂરતો જ છે.
આકાશમાં ધુમ્મસના વાદળ છવાયાં છે.
હમણાં બધે ફરી વળશે અને તાપને ઢાંકી દેશે.'

'આગળ પર જે થવાનું હોય તે ભલે થાય.
અત્યારે તો તડકો નીકળ્યો છે.
એનો આનંદ લૂંટી લઈએ. પછી જોયું જશે.'
અને એ તડકામાં તપવા બહાર નીકળી પડ્યો.

☼ ☼ ☼ ☼ ☼

## ૫૧. વર્ષાને

વર્ષા ! તારું સ્વાગત હો !
તારા શુભાગમન સમયે સ્નેહની સુમનાંજલિ ધરું છું.
તું ના હોત તો ધરતીને ધાન્યવતી કોણ કરત ?
પૃથ્વીમાં પ્રાણ પણ કોણ ભરત ?
નદી, નાળાં, તળાવ, સરોવર, સાગરની નવરચના કોણ કરત ?
આખી અવનીને માટે તું આશીર્વાદરૂપ છે.
અલબત્ત, જ્યારે મર્યાદા મૂકે છે, તારું કર્તવ્ય ચૂકે છે, ત્યારે ...
માનવને જ નહિ, પશુપંખી તથા વનસ્પતિને ય મુશ્કેલીમાં મૂકે છે :
છતાં પણ તારું આગમન ...
એકંદરે આશીર્વાદરૂપ, આવશ્યક અને એટલા જ માટે આનંદદાયક છે.

મહીને મંગળમય કરનારી, અભિનવરૂપ આપનારી વર્ષા !
એવી રીતે વરસ કે તારા સંસ્પર્શથી
વિશ્વના બધાયે વ્યથાવહ્નિ અને વિષાદ શાંત થાય :
ભેદભાવ ભાંગી જાય, મલિનતા મટી જાય,
દોષો, અપરાધો, પાપો પ્રજળી જાય તથા ખાખ થાય,
અને એક સૃષ્ટિનું, વધારે સારી સુંદર સૃષ્ટિનું, સર્જન થાય.

અવનીના અણુએ અણુને આનંદ આપનારી,
અવનવો આત્મા ધરનારી, વર્ષા ! તારું સ્વાગત હો ! સદાયે સ્વાગત હો !

☼ ☼ ☼ ☼ ☼

## ૫૨. સ્વપ્નું

આ જીવનને ચાહું છું. પ્રેમ કરું છું. માનની નજરે જોઉં છું.
એને ઈશ્વરનો અસાધારણ, અનુપમ, આશીર્વાદ માનું છું.
ઈશ્વરની એ એક મહાન બક્ષિસ છે.
એને ચાહું છું, આટલા બધા સન્માનની નજરે નિહાળું છું.
પૂજાપાત્ર પણ માનું છું.
કારણ એ જ કે એ પરહિતનું પરમ સાધન છે,
સ્વાન્તઃ સુખની સામગ્રીરૂપ, મુક્તિ કે પૂર્ણતાનું પરમ પ્રવેશદ્વાર છે.
એની જોડ બીજે ક્યાંય નથી જડતી એ પણ એટલા માટે જ.
એટલા માટે જ એના સંભાળ રાખું છું,
એને વધારે ને વધારે ટકાવી રાખવા માંગું છું.

આ પૃથ્વી મને અત્યંત પ્રિય છે, મારે મન પ્રશંસાપાત્ર ને પૂજ્ય છે.
એને પરમાત્માની પરમશક્તિનું પ્રતીક માનું છું.
ઈશ્વરની એ મહાન બક્ષિસ છે. એને હું ચાહું છું.
કારણ એ જ કે એનો આશ્રય લઈને પરમપદની પ્રાપ્તિ કરી શકાય છે,
માનવ થવાય છે, માનવમાંથી દેવતાતુલ્ય થવાય છે, મહામાનવ બનાય છે.
નાનાં ને મોટાં બધા પ્રકારનાં બંધનોનો ત્યાગ એના પર જ થઈ શકે છે.
એનો પ્રત્યેક પદાર્થ, એનું પ્રત્યેક પરમાણુ, મને પ્રિય છે.

એમાંયે ભારતની ભૂમિ મને વધારે પ્રિય છે.
એના પર્વતો, એની નદીઓ, એનાં વિશાળ મેદાનો,
એનાં જંગલો, એની ઋતુઓ, ઉષાસંધ્યાઓ, એના લોકો -
એમનો ઈતિહાસ, એમના પ્રશ્નો, એમની સમસ્યાઓ,
એનાં સાંસ્કૃતિક મૂલ્યો, એના લોકોત્તર મહાપુરુષો, મને પ્રિય છે, પરમપ્રિય.

એમને માટે મને ગૌરવ છે.
એ ભૂમિ સર્વોત્તમ બની જાય, સર્વ પ્રકારે સુખી થાય એ મારું સ્વપ્ન છે,
શૈશવનું સ્વપ્ન.

☼ ☼ ☼ ☼ ☼

## ૫૩. સાધકને

નિષ્ફળતા ને નિસાસાથી ડરનારા સાધક !
તું તારી ધ્યેયપ્રાપ્તિના પુરુષાર્થમાં સફળ નહિ થઈ શકે.
આ માર્ગમાં નિષ્ફળતા ને નિસાસા તો આવવાનાં જ.
વિઘ્નો અને વેદનાની સાથે પણ કામ લેવું પડવાનું.
નિંદા, ટીકા તથા આલોચનાનો અનુભવ પણ કરવો પડવાનો;
સુધાની સાથે ગરલના ઘૂંટડા પણ પીવા પડવાના.
મિત્રો મૂકી દે, સંબંધી તારી સાથેનો સ્નેહસંબંધ તોડી દે,
તને એકલો અનાથ જેવો છોડી દે, એવું પણ બનવાનું.
એ સૌને શૂરાતન સાથે સામી છાતીએ સહન કરી શકે
એને માટે જ પૂર્ણતાના પવિત્ર પ્રવાસની પગદંડી છે :
અમૃતપદનો અવકાશ છે :
આત્મોન્નતિના સર્વોત્તમ શિખરનું આનંદપૂર્વકનું આરોહણ છે :
માટે ડર્યા વિના આગળ વધ :
વાવાઝોડાં, વહ્નિ, વરસાદ, વિનાશમાંથી યે આગળ વધ.
નિરાશ બનીને બેસી રહીશ તો પાછળ રહી જશે.
હિંમતપૂર્વક કમર કસીને આગળ વધીશ તો સુખ, શાંતિ, સંપૂર્ણતાનો સમ્રાટ થશે.

☼ ☼ ☼ ☼ ☼

# ૫૪. સ્મિત

ભગવાન શ્રીકૃષ્ણનું સ્મિત !
ગુલાબના ગોટાઓ જેમ સહજ સુવાસથી સુવાસિત હોય છે
તેમ તદ્દન સ્વાભાવિક હતું એ સ્મિત.
એ સુખદ સ્મિતના દર્શન માટે કલ્પનાની પાંખ પર ચઢીને
મહાભારતના યુદ્ધમેદાનમાં પહોંચી જઈએ.
પરમ પવિત્ર પ્રેમથી પ્રેરાયલા કૃષ્ણ પોતાના પ્રિય સખા, સુહૃદ
અર્જુનના સારથિ થઈને એ વિશાળ મેદાનમાં રથમાં બેસીને આવી પહોંચ્યા.
અર્જુનના અંતરમાં અદમ્ય ઉત્સાહ ઉછળવા લાગ્યો.
એની મહત્વકાંક્ષાએ માઝા મૂકી, વીરતા વિલાસે ચઢી.
એ સ્મિત ત્યારે પણ એટલું જ આકર્ષક અને અનેરું રહ્યું.
અને બીજી જ ક્ષણે,
અર્જુને 'યુદ્ધ નથી કરવું' કહીને ગાંડીવનો પરિત્યાગ કર્યો
ત્યારે પણ એમાં કશું જ પરિવર્તન ના થયું.
અંધકારથી આવૃત્ત આકાશમાંની ચંદ્રકલાની પેઠે એ એવું જ અકબંધ રહ્યું.
એ સ્મિત આજે પણ અત્યંત આકર્ષક અને આહ્લાદક લાગે છે !
પ્રેરણા પૂરી પાડે છે.

જીવનના જટિલ જંગમાં ત્યારે અંધકારના ઓળા એકાએક ઊતરી પડ્યા હોય;
આશાનું એકે કિરણ ના રહ્યું હોય;
પ્રેરણા, પ્રકાશ કે પથપ્રદર્શનનું નિશાન પણ ના દેખાય;
સ્વજનો તથા સુહૃદો વિરોધી થાય;
ચિંતા વિષાદ અને વિચારોના વિપરીત વમળોમાં
આર્ત અને અનાથ જેવો એકાકી આત્મા અટવાઈ જાય;
અને જ્યારે સાધારણ કે અસાધારણ સ્મિતની શક્યતા જ ના હોય

ત્યારે પણ....
મારા મુખ પરનું સ્મિત ના સુકાય,
મારું દિલ ના દુખાય :
મેઘધનુશું મધુતાભર્યું, સૌંદર્યછલ્યું, સુધાસભર, સ્વર્ગીય સ્મિત
મારા જીવનમાં અમર રહે, ધીરજ હિંમત તથા બળ ધરે,
મારી મહામૂલી મૂડી બને, એવી મારી આકાંક્ષા છે.
માટે જ મને એ સ્મિત ખૂબ જ પસંદ પડ્યું છે, પ્રિય લાગ્યું છે,
મેં એને અક્ષરદેહમાં મઢ્યું છે.
ભગવાન શ્રીકૃષ્ણનું સ્મિત !

☼ ☼ ☼ ☼ ☼



## ૫૫. આંખ ઊઘડી ગઈ

માતાના મધુમય મંદિરમાં દ્રવિત દર્શન કરતા પ્રેમીએ પ્રાર્થના કરતાં કહ્યું :
'મા, મને દર્શન દો. મારા પર કૃપા કરો.
તમારું રસમય રઢિયાળું રૂપ જોવાની મારી કામના છે.'
માતા મૂક રહી.
પરંતુ સવારે સ્વપ્નમાં ભિખારણના રૂપમાં પ્રકટ થઈને કહેવા માંડી :
'મંદિરના દરવાજાથી થોડેક દૂર ચીંથરેહાલ હાલતમાં હું જ બેઠી હતી.
મને જોઈને તેં મોં મચકોડ્યું.
તારી માતાના મંગલ રૂપમાં પણ હું જ પ્રકટ થઈ છું.
છતાં તું મારી અવારનવાર અવજ્ઞા કરે છે.
હું તો હાજર જ છું. પરંતુ તું મને ઓળખે છે ક્યાં ?'
પ્રેમીની આંખ ઊઘડી ગઈ.

☼ ☼ ☼ ☼ ☼

## ૫૬. ઉત્સવમય જીવન

સંસારના સુધાસભર સ્વરૂપમાં તમે જ પ્રકટ છો એવું અનુભવીને;
આ મહાન મહીમંડળની મહેફિલમાં,
જુદા જુદા મુખમાં,
એક તમારા વિના બીજા કોઈનું યે મધુ નથી ઠલવાયું એવું માનીને;
જ્યાં રાખો છો ત્યાં રહીને તમારું દૈવી દર્શન કર્યે જઉં છું :
જે કરાવો છો તે કરતો રહીને તમારા શ્રીચરણે અનુરાગની અંજલિ ધરતો રહું છું.
આંખને એવી આદત પડી છે કે તમારા વિના કશું જોતી નથી.
કાન તમારા સંગીત સિવાય કશું સાંભળતા નથી.
મન તમારું જ મનન કરે છે,
હૃદય તમારા રાગે રંગાઈને તમારું ધ્યાન ધરે છે,
પગ તમારી પરિકમ્મા કરે છે, હાથ સેવા કરે છે,
પ્રાણ તમારી પૂજાના પ્રદીપ જેમ જલે છે,
શ્વાસમાં તમારી સુધા સરે છે;
સૌમાં એક તમારી જ આશા, એક તમારી જ ચેતના, નજરે પડે છે.
સૌના માટે જીવનનું સર્વકાંઈ અખંડ આહુતિ ધરે છે.
એ અનુભવના પરિમાણરૂપે,
જીવન કેટલું બધું કૃતાર્થ, ઉત્સવમય બને છે ?

☼ ☼ ☼ ☼ ☼

## ૫૭. જ્યોતિર્મય જીવન

અરે મારા જ્યોતિર્મય જીવન !
તને મેળવીને કૃતાર્થ છું.
સર્જનના આરંભથી આજ સુધી,
સઘળાં શરીરોને જોઈ વળ્યો.
પરંતુ મને કહેવા દે કે તારા જેવું જીવન ક્યાંય નથી જોયું.
ના, દેવલોકમાં ય નહિ.
તું તો એક, અનન્ય, અનેરું, અજોડ છે.
લોકો કહે છે તું અંત છે. હું તને અનંત માનું છું.
લોકો કહે છે તું અપૂર્ણ છે. હું તને પૂર્ણ જાણું છું.
લોકો તને ગંદકીનું ઘર ગણે છે, નિરર્થક કહે છે.
હું તારા શતશત સુવાસિત સુમનની સુવાસ માણું છું.
તને તથા તારે લીધે મારા અખિલ ઐશ્વર્ય અને અસ્તિત્વને સાર્થક જાણું છું.
અરે મારા જ્યોતિર્મય જીવન !
હું જ્યોતિર્મય હતો માટે તું જ્યોતિર્મય બન્યું,
કે તારે લીધે હું જ્યોતિર્મય થયો એ વિવાદમાં નહિ પડું.
પરંતુ મારે માટે તું જ્યોતિર્મય છે,
શુભ્ર, સુવાસિત, ચેતનમય છે એ સાચું છે.
માટે જ કહું છું, અને રોજની પેઠે આ પર્વદિવસે પણ કહું છું,
આવ, સંસારને સત્ય, શુભ્ર, સૌરભે ભર, સજીવન કર, જ્યોતિ ધર,
એ રીતે મહિમામાં મળ, વિશાળતાને વર.
અરે મારા જ્યોતિર્મય જીવન !
તને મેળવીને કૃતાર્થ છું.

☼ ☼ ☼ ☼ ☼

## ૫૮. ભાવના

કેટકેટલી વસંતો કરમાઈ ગઈ, પણ મારા પ્રેમની વસંત કરમાતી નથી :
કેટકેટલી વસંતો ખીલી ને કરમાઈ ગઈ !
નદીના પૂર આવે છે ને પૂરાં થાય છે, પરંતુ મારા ભાવનાના પૂર પૂરાં નથી થતાં,
પ્રત્યેક પળે તે નવા નવા રંગ ધારણ કરતા જાય છે,
વરસાદ આવે છે ને બંધ થાય છે.
વાદળ પથરાય છે ને વ્યોમમાંથી વિખરાઈ જાય છે.
પરંતુ તમારી કૃપાની અસાધારણ વર્ષા જીવનમાં વરસ્યા જ કરે છે:
તમારા વિચારના વાદળ અંતરમાં ઊભરાયા જ કરે છે.
તે કદી પણ નથી વિખરાતા.
સાગરમાં ભરતી અને ઓટ આવે છે;
સંગીતની સુલાવલિ ગાયિકાના મુખમંડળમાંથી નીકળીને અંતરને આનંદ આપે છે.
તમારું સંગીત પણ એવું જ આનંદ આપો; કદીકાળ બંધ ના બનો.
તમારા પ્રેમના મહાસાગરમાં ઓટ ના આવો,
સદાયે ભરતી ને ભરતી જ રહો !
લોચન તમારું રૂપ, શ્રવણ તમારા સૂર જોયા ને સુણ્યા જ કરો.
જીવન તમારી કૃપાથી પુલકિત થયા જ કરો.

☼ ☼ ☼ ☼ ☼

## ૫૯. યાદ રાખજે

મહેલ કે ઝૂંપડીમાં રહેવાથી જ કોઈ ભોગી
અને જંગલમાં રહેવાથી જ કોઈ જોગી થઈ જતું નથી :
મમતા અને અહંતાને ટાળવાથી જ યોગી થઈ શકાય છે એ યાદ રાખજે.

વાસણ કે પાતળમાં જમવાથી જ કોઈ ભોગી
અને હથેળીમાં લઈને ખાવાથી જ કોઈ જોગી થઈ જતું નથી :
જે વખતે જે સ્થિતિ મળે તેમાં નિશ્ચલતા અને શાંતિપૂર્વક જીવવાથી જ
યોગી થઈ શકાય છે એ યાદ રાખજે.

સુતરાઉ કે રેશમી વસ્ત્રો પરિધાન કરવાથી જ કાંઈ ભોગી
અને રસ્તે પડેલાં ચીથરાંની ગોદડી પહેરવાથી
કે નવસ્ત્રા રહેવાથી જ કોઈ જોગી થઈ શકતું નથી :
શરીરનું મર્યાદા માટે ઢાંકણ કરી, શીલ, સંયમ, શાંતિને ધારણ કરી,
જીવનનો આનંદ લેવાથી જ જોગી થઈ શકાય છે એ યાદ રાખજે.

પર્વત કે સરિતાના સુંદર શાંત પ્રદેશમાં ફરવાથી જ કાંઈ ભોગી
અને પંચાગ્નિનું સેવન કરીને બેસી રહેવાથી જ કોઈ જોગી થઈ શકતું નથી :
સુખ અને દુઃખ, માન અને અપમાનમાં સ્થિરતા જાળવીને
સમતાને ધારણ કરવાથી જ યોગી થઈ શકાય છે એ યાદ રાખજે.

ભેળું કરીને ખાવાથી કે નેતિ, ધોતિ, કે ખેચરી અને પ્રાણાયામ કરવાથી
કે જેમ તેમ વ્યવહાર કરવાથી જ કોઈ પરમહંસ થઈ જતું નથી
અને તેમ ન કરવાથી પરમહંસ મટી પણ જતું નથી.
પણ સાચા ને ખોટાંનો નિર્ણય કરવાથી અને
સત્યરૂપી ઈશ્વરને ઓળખી લેવાથી જ પરમહંસ થઈ શકાય છે એ યાદ રાખજે.

સારી પેઠે બોલવાથી જ ભોગી
અને મૌન ધારીને બેસી રહેવાથી જ કોઈ જોગી થઈ જતું નથી :
મન અને વાણીથી જે પર છે છતાં મન અને વાણી જેમાંથી પ્રેરણા મેળવે છે
તે પરમતત્વમાં સદા કાજે પ્રતિષ્ઠિત થવાથી યોગી થઈ શકાય છે એ યાદ રાખજે.

☼ ☼ ☼ ☼ ☼

## ૬૦. નવી દૃષ્ટિ

મા, માતૃભૂમિ અને મહીમંડળના મંગલમય રૂપમાં તમે જ છો:
તમારી જ એમાં અભિવ્યક્તિ છે :
એવી અપરોક્ષાનુભૂતિથી બધીયે ભ્રાંતિ ભાંગી ગઈ,
મારી બધીયે ભ્રાંતિ ભાંગી ગઈ.

પહેલાં હું મંદિરમાં પ્રવેશ કરતો, તીર્થોમાં ફરતો રહેતો :
તમારી ઝાંખીને માટે રડતો કે વ્યથિત બનતો :
પત્રે પત્રે, પુષ્પે પુષ્પે, ને વિટપે વિટપે ફરી વળતો :
પરંતુ એ ધન્ય દિવસે તમારી મંગલમૂર્તિ મને મળી ગઈ,
અને ખાતરી થઈ કે
મહીમંડળમાં જે મધુ છે તે તમારા જ મુખમાંથી ઢોળાયેલું છે,
જે સુખ છે તે તમારી જ પ્રતિછાયાના પરિણામરૂપ છે;
રસ, શાંતિ અથવા આનંદ છે તે તમારા જ અક્ષય અબ્ધિના આલાસરૂપ છે.
ત્યારથી મને નવી દૃષ્ટિ લાધી ગઈ, મારામાં નવી ચેતના જાગી ગઈ.

મા, માતૃભૂમિ અને મહીમંડળના મંગલમય રૂપમાં તમે જ છો:
તમારી એમાં અભિવ્યક્તિ છે:
એવી અપરોક્ષાનુભૂતિથી બધીયે ભ્રાંતિ ભાંગી ગઈ,
મારી બધીયે ભ્રાંતિ ભાંગી ગઈ.

☼ ☼ ☼ ☼ ☼

## ૬૧. પ્રેમી નહિ કહું

હું તને પ્રેમી નહિ કહું :
તારા મુખ ઉપર નિરાશા ને વિષાદ છે, તને પ્રેમી નહિ કહું.

પ્રભાતના પ્રથમ પ્રહર જેવા પ્રફુલ્લ તારા વદન ઉપર
શાંતિ કે પ્રસન્નતાનો પ્રકાશ નથી.
ચિંતા તથા શોકની પ્રગાઢ પ્રતિછાયા ફરી વળી છે.
હું તને પ્રેમી નહિ કહું :
તારા મુખ ઉપર નિરાશા ને વિષાદ છે, તને પ્રેમી નહિ કહું.

રસની મસ્તીથી મઢેલાં ઝરણાં કેવા વહી જાય છે.
એમના પ્રાદુર્ભાવથી પ્રસન્ન પૃથ્વી કેવી પુલકિત થાય છે ?
પ્રેમની પવિત્રતમ ઊર્મિના આલાપથી
તારું અંતર એવી રીતે પુલકિત નથી થતું;
પ્રસન્નતાનું ગીત પણ નથી બનતું.
હું તને પ્રેમી નહિ કહું :
તારા મુખ ઉપર નિરાશા ને વિષાદ છે, તને પ્રેમી નહિ કહું.

ફૂલ જેવા ફોરમવંતા ને પ્રફુલ્લ હોય છે;
આકાશનો વૈભવ જેવો અનંત, એવો જ અનંત ભક્તનો ભાવદરિયો,
એવું જ સુવાસિત પ્રેમીનું જીવન હોય છે.
ઈશ્વર જેમ મધુમય કે મંગલ, સત્ય કે સુંદર છે
તેમ પ્રેમી પણ અમંગલ અને અસત્યથી દૂર હોય છે.
માટે જ તને પ્રેમી નહિ કહું :
તારા મુખ ઉપર નિરાશા ને વિષાદ છે, તને પ્રેમી નહિ કહું.

☼ ☼ ☼ ☼ ☼

## ૬૨. માનવતા

અમાસની અંધારી રાતે
પાલવની પાછળના પ્રદીપના પ્રકાશમાં એ આવી
અને મારા મંદિરમાં ઊભી રહી.
એના મુખ પર પ્રસ્વેદ હતો.
શરીર ખૂબ જ સુંદર, તેજોમય છતાં કૃશ હતું.
એણે જણાવ્યું, 'મારે એક કામ માટે આવવું પડ્યું છે.'
'કયું કામ? ' મેં સસ્મિત પૂછ્યું.
'આ બહારનો અંધકાર જોયો ?'
'મારા જીવનમાં એવી રીતે અંધકાર ફેલાતો જાય છે.
પરંતુ તારા જીવનમાં પ્રકાશ પથરાય છે. પૂર્ણતાનું પ્રભાત પ્રગટવાની તૈયારી છે '
'હું તમારી શી સેવા કરું ?'
એની આંખમાં અશ્રુ આવી ગયાં.
એ બોલી:
'પૂર્ણતાના રાજ્યમાં મારે રઝળવું પડે છે;
ક્ષુધા તથા પિપાસાથી મરવું રહે છે. એથી જ હું શોકિત છું.'
'અહીં આવશો ?'
મેં પ્રેમથી પૂછ્યું.
એના મોઢે શરમના શેરડા ફરી વળ્યા.
એણે તરત કહ્યું: ' હા.'
'તારા પ્રેમના પુરસ્કારરૂપે દીપકનું દાન કરતી જાઉં છું. મારું નામ માનવતા.'
અને એ મારા હૃદયમાં પ્રવેશી ગઈ.

☼ ☼ ☼ ☼ ☼

## ૬૩. લોકોપવાદ

લોકોપવાદ !
લોકોપવાદનો લેશ પણ ભય મને લાગતો નથી લાગતો.
અને તને પણ શા માટે લાગે છે ?
લોકાનું સાંભળીને જે અપનાવવા લાયક લાગે તે અપનાવી શકે છે,
કરવા લાયક લાગે તે કરી શકે છે;
પરંતુ લોકાપવાદ તો તારે માટે હાઉ બનીને બેસી જતો હોય,
તને કાયમને કાજે કે કોઈયે પ્રકારના કારણ વિના ભયભીત કરતો હોય,
નાહિંમત કે નાસીપાસ બનાવતો હોય,
એવી રીતે તારા આત્માના ઓજસનો અંત આણતો હોય,
તો ખોટું છે : તારામાં ખામી છે.
એવી આદત તારે માટે આશીર્વાદરૂપ નહિ થઈ શકે.
સાચા લોકાપવાદનો એક સજ્જનની પેઠે સદા સ્વીકાર કર, તેને લક્ષ્યમાં લે,
પરંતુ મિથ્યા લોકાપવાદની સામે એવો વજ્ર જેવો બન કે,
એ તને હલાવી, ચલાવી કે ડરાવી શકે જ નહિ.
ત્યારે જ તું જીવનના શ્રેયનો સાચો સાધક થઈ શકશે;
બીજાનો હિતેચ્છુ સેવક પણ ત્યારે જ બની શકશે.

☼ ☼ ☼ ☼ ☼

## ૬૪. એકતાનું રહસ્ય

વાણી અને મનની આ કેવી અનેરી એકતા છે !
વાણી મારા મનમાં છે, મનમાંથી પ્રગટ થાય છે.
ઊભયની વચ્ચે અભેદ છે.
મનનું વાણીમાં વહન થાય છે.
વાણી અને મનની આ કેવી અનેરી એકતા છે !
એ એકતાની સમાપ્તિ એટલેથી જ નથી થતી :
આચારમાં પણ એનો આવિર્ભાવ છે.
મારું મન જે મનન કરી ચૂક્યું છે તે જ વાણીમાં પ્રકટ થાય છે.
આચારમાં પણ તેનો જ અનુવાદ થાય છે.
એનું કારણ શું છે તે જાણો છો ?
આત્માની સાથેની એકરૂપતા.
આત્માની સાથે એકરૂપ થવાથી,
આત્માનુભવ થવાથી જ, આવી ત્રિવિધ એકતા થઈ શકી છે.
મન, વાણી અને કર્મનો બાહ્ય ભંડાર
એના મૂળ આત્મામાંથી જ આવિર્ભાવ પામે છે.
એ જ એકતાનું રહસ્ય છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૬૫. એટલું તો અવશ્ય કર

શુભ અને અશુભના સંમિશ્રણવાળા સંસારમાં
એવી દૃષ્ટિ આપ જેથી અશુભને એક તરફ મૂકીને શુભનો જ સંગ્રહ કરું.
શુભનું જ સંકીર્તન કરું,
હે શિવસ્વરૂપ, એવી દૃષ્ટિ આપ !

મંગલ અને અમંગલના સમુચ્ચય સરખા સંસારમાં
એવી શક્તિ આપ જેથી અમંગલને અલગ કરીને મંગલનું જ વરણ કરું,
મંગલને અંજલિ ધરું.
હે મંગલમય, એવી શક્તિ આપ !

સારનું સંકલન કરવામાં, સ્વાગત કરવામાં, સંકીર્તન કરવામાં જ
અંતરને આનંદ આવે, એ મારો સ્વભાવ બની જાય,
અશુભની આલોચનાના આસુરી આનંદમાં મારો સોનેરી સમય એળે ના જાય,
મારી શક્તિનો દુરુપયોગ ના થાય, એવી શક્તિ આપ !

અને એટલું તો અવશ્ય કર.
એટલી જડતા તો જરૂર હર,
કે અશુભની અસર નીચે આવીને અથવા અશુભમાં આસક્ત થઈને,
સ્વલ્પ શુભ પ્રત્યે પણ એકદમ આંખમીંચામણા
કે મુઠ્ઠીભર મંગલનીયે અવજ્ઞા તો ના જ કરું.

☼ ☼ ☼ ☼ ☼

## ૬૬. દિવાળી

દિવાળીના દૈવી દિવસના દીવડા !
દેવળે દેવળે દેવતા દેખાય છે તેમ,
પ્રત્યેક ઘરમાં અને ઘરના પ્રાંગણમાં એમનો પ્રકાશ છે.
દિવાળીના દૈવી દિવસના દીવડા !
માનવની મહેલાતો મધુમયી અને પ્રભાભરી છે એ સાચું,
પરંતુ માનવના મનમાં પ્રકાશનાં પાવન કિરણ ક્યાં પડેલા છે ?
એના પ્રાણમાં પ્રજ્ઞાના પરમ પ્રદીપનો પ્રકાશ,
પ્રેમ, પ્રશાંતિનો પુલકિત પ્રકાશ, ક્યાં પથરાયો છે ?
એના અંતરના, અસ્તિત્વના, અણુએ અણુમાં અંધારું છે.
પીડા છે, વેદના છે, વિષાદ છે, ચિંતા છે, અવ્યવસ્થા, અશાંતિ, બેચેની છે.
એનો અંત ના આવે ત્યાં સુધી પ્રકાશ ક્યાંથી પ્રકટે,
પ્રસન્નતા કેવી રીતે આવે, અને એનાં કિરણ પણ આત્માને ક્યાંથી અડકે ?
પ્રાસાદ પર જ નહિ, પ્રત્યેક પ્રાણમાં ને પ્રકૃતિમાં, પૃથ્વી પર,
પ્રકાશને પ્રજ્વલિત કરનાર પ્રદીપ કરી દો,
મને એવો પ્રાણવાન પ્રદીપ કરી દો,
અને એવી રીતે દુનિયાને અને એમાં વસતાં દિલને કાયમની દિવાળી ધરી દો,
હે જ્યોતિર્મય !
જડતા ફરીને જગતમાં નવું જીવન ભરી દો !

☼ ☼ ☼ ☼ ☼

## ૬૭. શી પરવા ?

તમારા સુમધુર નામનો સ્વાદ જેને મળી જાય છે
તેને મધ કે અમૃતની શી પરવા ?
તમારા મનમોહન નામનો રસ જેને મળી જાય
તેને દૂધ કે સાકરની શી પરવા ?
તમારા ત્રિભુવનસુંદર રૂપનો ગુણમહિમા જેણે જાણી લીધો છે
તેને ત્રિભુવનના બીજાં સુંદર રૂપની શી પરવા ?
તમારી શ્રવણમધુર સ્તુતિનું સંગીત જેણે સારી પેઠે સાંભળ્યું છે
તેને સંસારની બીજી સ્તુતિ કે ગીત-કવિતાની શી પરવા ?
તમારા પ્રેમનો પરમ વૈભવ જેને મળી ગયો
તેને બ્રહ્માંડના બીજા વિનાશી વૈભવની શી પરવા ?
તમારી કૃપાનો અનંત નિધિ જેને મળી ગયો
તેને બીજા નશ્વર નિધિની શી પરવા ?
તમારા સુંદરતમ સ્વરૂપને જેણે જોઈ લીધું
તેને બીજાં સુંદર ગણાતાં દર્શનની શી પરવા ?
તમારો ચંદનશીતલ, સુમન સુવાસિત સ્પર્શ જેણે મેળવી લીધો
તેને બીજા સમાગમ કે સ્પર્શની શી પરવા ?

☼ ☼ ☼ ☼ ☼

## ૬૮. પ્રેમ કરું છું

હું પણ તને પ્રેમ કરું છું; તને ખબર છે ?
હું પણ તને પ્રેમ કરું છું.

અનંત સમયથી ને પ્રખર પ્રણયથી.
મારા અંતરમાં એક તને જ ધારી,
હું પણ તને પ્રેમ કરું છું; તને ખબર છે ?

મારી વીણાને દિનરાત તારા જ સંગીતસ્વરે ભરું છું.
આંખમાં અશ્રુ સાથે તેમાંથી વહું છું :
પદેપદે, પળેપળે તને અર્ઘ્ય ધરું છું, નિતનૂતન વરું છું.
તને ખબર છે ? હું પણ તને પ્રેમ કરું છું.

તારી રૂપસુધામાં સ્નાન કરતાં કરતાં-
તારી દૈવી દૃષ્ટિમાં મારાં સર્વસ્વનું સમર્પણ કરતાં,
તારી પાછળ પાગલ પાગલ ફરું છું.
તને ખબર છે ? હું પણ તને પ્રેમ કરું છું.

ગહન ને ઘોર સાગરમાં
તારે લીધે તો તરું છું.
તને ખબર છે ? હું પણ તને પ્રેમ કરું છું.

☼ ☼ ☼ ☼ ☼

## ૬૯. વેણુ

તમે જગાડો છો તેમ જાગું છું, વગાડો છો તેમ વાગું છું.
મારા જેવી અનેક વાંસળીને તમે વગાડી શકો છો;
જે કેવળ જંગલમાં હતી તેને મંગલમય કરી, અધરાસન અર્પીને,
તમારાથીય મહાન કરી દો છો.
સંગીતના સુધામય સુખદ સ્વરને સાંભળીને
શ્રોતાઓ મંત્રમુગ્ધ થાય છે, વારી જાય છે.
પરંતુ મને એનું આશ્ચર્ય નથી.
તમારા સ્વર્ગીય સંસ્પર્શનું સૌભાગ્ય સાંપડી ગયું છે, સદાયે સાંપડી રહ્યું છે.
મને ખબર નહિ, મારા વાંસના ટુકડાની તમે આવી વેણુ કરશો.
મને નવજીવન ધરશો.

☼ ☼ ☼ ☼ ☼

## ૭૦. જલતરંગની ગત

જલતરંગની ગત આજે બરાબર બજતી નથી :
સામે દેવદાસી નૃત્ય કરી રહી છે,
ને ગાયકોની મંડળી તેને વાજિંત્રોનો સાથ દઈ રહી છે,
પણ મારી ગત આજે મળતી નથી :
જલતરંગની ગત આજે બજતી નથી.

વસંતનો સુમધુર પવન છે
ને પૂર્ણિમાની પ્રભા બહાર ફરી વળી છે:
પાસેના આમ્રવૃક્ષો પર મંજરી શોભી રહી છે,
અને આ બધાયે રસમાં દેવદાસી પૂરી રસીક બની છે :
પણ મારી ગત આજે મળતી નથી.

અરે અભાગી હૃદય !
ઘેર જઈને તું કેમ કહેશે કે તેં પણ તારી પૂજા ધરી હતી :
સૌન્દર્યની સાક્ષાત દેવી તારી સામે નૃત્ય કરતી હતી
તો તેં પણ તારી પૂજા ધરી હતી !
પણ ગત તો મળતી જ નથી !

એટલામાં તો મેં મારી ગત મૂકી દીધી :
મને ખબરેય ના પડી કે મારી વ્યથા ક્યાં મરી ગઈ
પણ બહારની આમ્રપલ્લવી પાસે કોકીલે ટહુકાર કર્યો
અને રસની નિંદ્રામાંથી હું જાગ્યો
તો જોયું કે દેવદાસીએ પોતાનો હાર મને પહેરાવ્યો હતો !

☼ ☼ ☼ ☼ ☼

## ૭૧. સનાતન એવું શું મેળવ્યું ?

સૃષ્ટિની સફરમાં સામેલ થઈને સનાતન એવું શું મેળવ્યું મુસાફર !
તેં સનાતન એવું શું મેળવ્યું ?
તેં જે મેળવ્યું છે તે બધું સનાતન નથી.
ધન, ઘર, વૈભવ, સ્ત્રી, સંતાન,
એ બધું સ્થાયી નથી : અસ્થાયી છે, ક્ષણભંગુર છે,
પાણીના પરપોટાની પેઠે પરિવર્તનશીલ છે.
તું જ્યારે આ વિશ્રામસ્થાનમાંથી વિદાય થઈશ,
આ સફરને છોડીને બીજે જઈશ ત્યારે,
શું લઈ જઈશ તે જાણે છે ?
આમાંથી કશું જ તારી સાથે નથી આવવાનું.
એટલા માટે એવા પદાર્થની પ્રાપ્તિને માટે પુરુષાર્થ કર જે સનાતન હોય,
સદાને સારું તારી સાથે હોય :
જેને જોઈને તું કહી શકે. હિંમતપૂર્વક કહી શકે,
કે સૃષ્ટિની સફરમાં સામેલ થઈને તેં સનાતન એવું કશુંક મેળવ્યું-
-સદાને સારું સાથે રહે એવું કશુંક મેળવ્યું.

☼ ☼ ☼ ☼ ☼

## ૭૨. ધન્યતા

આ જીવનમાં મને પ્રાપ્ત કરીને તું ધન્ય થઈ ગઈ છે એમ મને લાગે છે,
અને વારંવાર જ્યારે આપણી દૃષ્ટિ મળે છે ત્યારે,
આંસુના ગીતમાં વહી જઈને
તું મને આ સંદેશ સુણાવે છે.
એમ લાગે છે કે, તને આજ સુધી સાચા હૃદયથી પ્રેમ કરનાર કોઈ નહોતું મળ્યું.
અને એથી જ આજે વનમાં સરોવરને જોઈને
મુક્ત હૃદયે ક્રીડા કરતી રાજકુમારીની જેમ તું રમે છે;
મારા ફૂલને છાતીએ લગાવે છે, સૂંઘે છે, ને ચૂમે છે.

☼ ☼ ☼ ☼ ☼



## ૭૩. ભાવના

કેટકેટલી વસંતો કરમાઈ ગઈ, પણ મારા પ્રેમની વસંત કરમાતી નથી :
કેટકેટલી વસંતો ખીલી અને કરમાઈ ગઈ !
સરિતાના પૂર આવે છે ને પૂરાં થાય છે
પરંતુ મારી ભાવનાના પૂર પૂરાં થતાં નથી :
પ્રત્યેક પળે અવનવા બનતા જાય છે.
વધારે ને વધારે પ્રબળ થાય છે.
વરસાદ વરસે છે ને બંધ થાય છે.
વાદળ વ્યાપીને વ્યોમમાંથી વિખરાઈ જાય છે.
પરંતુ તમારા અનુગ્રહની અસાધારણ વર્ષા જીવનમાં વરસ્યા જ કરે છે;
તમારા વિચારના વાદળ પર વાદળ અંતરમાં ઉભરાયા જ કરે છે.
તે કદી પણ વિખરાતાં જ નથી.
સાગરમાં ભરતી અને ઓટ આવે છે,
ને સંગીતની સુરાવલિ ગાયિકાના મુખમંડળમાંથી નીકળીને
વાતાવરણમાં ફરી વળે છે.
તમારું સંગીત પણ એવું જ આનંદ આપો;
કિંતુ કદીકાળ બંધ ના બનો.
તમારા મમતાના મહાસાગરમાં ઓટ ના આવો,
ભરતી ને ભરતી જ રહો !
લોચન તમારું રૂપ, શ્રવણ તમારા સૂર, જોયા અને સુણ્યા જ કરો :
જીવન તમારી કૃપાથી પુલકિત થયા જ કરો !

☼ ☼ ☼ ☼ ☼

## ૭૪. ક્લેશનું કારણ

જે વીણા તારી છે તેને મારી કહીને વગાડવા માંડું છું,
આકાંક્ષા અનુસાર સૂર કાઢું છું,
ત્યારે બધોયે તાલ બગડી જાય છે.
સંગીતનો સાચો સ્વાદ ગુમાવું છું, ને ક્લેશ પામું છું.

તે જ વીણાને તારા કરુણાર્દ્ર કરમાં સોંપતાં નિષ્ફિકર બની જઉં છું.
તેનું તારી દ્વારા વાદન થતાં મંત્રમુગ્ધ બનું છું,
સંગીતના સ્વર્ગીય સ્વાદમાં કેટલીય વાર ડોલવા ને નાચવા લાગું છું :
સંપૂર્ણ સ્તબ્ધ-સમાધિસ્થ થઉં છું.

☼ ☼ ☼ ☼ ☼



## ૭૫. માનવને

મોહ અને મમતાની મજબૂત બેડીમાંથી મુક્ત થઈને
આઝાદીના સાચા અક્ષય આનંદને પ્રાપ્ત કર.
માનવ, સ્વરાજ્યના શાશ્વત રસને પ્રાપ્ત કર.

અહંકાર અને અજ્ઞાનના આવરણને દૂર કરીને
આઝાદીના સાચા અક્ષય આનંદને પ્રાપ્ત કર.
માનવ, સ્વરાજના શાશ્વત રસને પ્રાપ્ત કર.

કામ, ક્રોધ, કપટની કાલિમાને દૂર કરીને
આઝાદીના સાચા અક્ષય આનંદને પ્રાપ્ત કર.
માનવ, સ્વરાજના શાશ્વત રસને પ્રાપ્ત કર.

કેમ કે તારી પોતાની ગુલામીમાંથી છુટ્યા વિના,
તારું પોતાનું સાર્વભૌમત્વ મેળવ્યા વિના
ગમે તેવું સ્વરાજ પણ તારે માટે અધૂરું જ રહેશે.

☼ ☼ ☼ ☼ ☼

## ૭૬. ધન્ય માનવ

આ જગતમાં જે અનાથ છે, દુઃખી છે, પીડિત છે,
તે પણ સર્વ તારાં જ પ્રતિનિધિ છે,
અને તેથી જ ધન્ય છે તેમને જે તેમની વ્યથાથી હીન ને સુખી કરવા મથે છે.

જે અપંગ છે તેને હાથ આપીને ઉઠાવે છે તેને ધન્ય છે,
ને નિરંતર આંસુ સારે છે, તેને માટે આંસુ સારી જે પ્રાર્થના કરે છે, મથે છે,
તે પણ ધન્ય છે.

જેની આંખ અંધ છે તેની જ્યોતિ બને છે,
ને મૂક છે તેને માટે અવાજ ઉઠાવે છે;
તેને માટે ઉપહાસ અને કષ્ટ પણ સહન કરે છે તેને ધન્ય છે,

કેમ કે તે તને જ પૂજે છે.
સૌથી ધન્ય તો તે છે જેમને તું પ્રથમ તારા કરે છે
ને પછી વિશ્વના વિધાતા થવાનું ભાગ્ય ધરે છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૭૭. પીંજર

પંખીના પ્રેમી પુરુષે પંખીને પકડીને પીંજરમાં પૂર્યું છે.
તેને ખવડાવે છે, પીવડાવે છે, પાસે બેસીને બોલાવે છે.
પંખીના પ્રેમી પુરુષે પંખીને પકડીને પીંજરમાં પૂર્યું છે.

પંખી ઊડી ના જાય તેને માટે સારી પેઠે સાવધ રહે છે;
શિશુની જેમ તેની સંભાળ લે છે.
કુદરતના ખોળે ખેલનારું પંખી બંદી બન્યું છે,
પોતાના સહજ ગીતને વિસરીને મૂક થયું છે,
પગ છતાં અપંગ બન્યું છે,
પરંતુ પુરુષને એની ક્યાં પરવા છે ?
પંખીના પ્રેમી પુરુષે પંખીને પકડીને પીંજરમાં પૂર્યું છે.

પુરુષની અવસ્થા એવી થઈ કે પંખીના વિના એને ચેન નથી.
પૂરાયેલા પંખીને એ જુએ છે અને આનંદે છે.
પાસે ઊભેલો વિચારક વિચાર કરે છે :
પીંજરમાં કોણ પુરાયું ?
પોતાની જ મરજીથી કોણ કેદ કરાયું-પંખી કે પુરુષ ?
તૂટ્યા તૂટે નહિ તેવા પીંજરમાં કોણ પૂરાયું ?

☼ ☼ ☼ ☼ ☼

## ૭૮. કેમ ના મળું ?

બધાં મને કહે છે,
આપણું બધું મળતું આવે છે :
રૂપ, રંગ, મુખાકૃતિ, એના પરના હાવભાવ;
બધું મળતું આવે છે.
હું એમને શું કહું ?
માત્ર હસી દઉં છું.
અરે તારા સર્વસ્વમાંથી તો હું પ્રકટેલ છું,
તારી કમનીય કળીનું તો સુમધુર સુમન છું :
બોલ, હવે તને કેમ ના મળું ?

☼ ☼ ☼ ☼ ☼



## ૭૯. પક્ષીની પુનરાવૃત્તિ

હંસ પક્ષીની આગળ દૂધ અને પાણીનું મિશ્રણ મૂકવામાં આવ્યું,
પરંતુ એનો નીરક્ષીર વિવેક તો જુઓ !
પયનું પાન કરીને પાણીને એણે એક તરફ અલગ કરી દીધું.

કાગડાની આગળ મિષ્ટાન મૂકવામાં આવ્યું
પરંતુ એની સ્વભાવગત સુરુચિ તો જુઓ !
મિષ્ટાનને મૂકી દઈને એણે દૂરના દુર્ગંધિયુક્ત પદાર્થ પર પડતું મૂક્યું.
એનું જ પીંજણ અને સેવન કર્યું.

માનવા યોગ્ય માહિતી તો નથી મળતી,
પરંતુ પુરાતનકાળની કથા કહે છે કે,
લેખક અને વિવેચકનો જન્મ એ બંને પક્ષીની પુનરાવૃત્તિરૂપે થયો છે -
- ખાસ કરીને વિવેચકનો.
અવનીમાં અનેકવાર એનો અનુભવ થાય છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૮૦. કપડું

આ કપડું તને આપવામાં આવ્યું ત્યારે
કેટલું બધું તાજું તથા નિર્મળ હતું તે યાદ કર;
તેં એને કેટલું બધું મેલું, કદરૂપું કરી નાખ્યું છે તેનો વિચાર કરી તો જો;
વિચારશીલ હોઈશ તો તને એ વાતનો ખરેખર અફસોસ થશે.
મહેરબાની કરીને એ કપડાંને સાફ કરી દે,
જેથી જગતમાંથી જવાનું થાય ત્યારે
એને આપનારના હાથમાં એવું ને એવું જ ધરી દે,
અને એ પણ પાર વિનાની પ્રસન્નતા ને પરિતૃપ્તિ સાથે પાછું લે !

☼ ☼ ☼ ☼ ☼



## ૮૧. સાધકને

ખૂબ જ ધીરજ ધારણ કર્યા પછી,
મજબૂત મને મંથન કર્યા પછી જ માખણ મળે છે,
તેમ ધીરજપૂર્વકના સતત પરિશ્રમ પછી જ સિદ્ધિ કે શાંતિ મળે છે,
સાધક, તું આટલો બધો ઉતાવળો ને ઉદાસ કેમ બને છે ?

ખૂબ ઊંડે ઊતર્યા પછી
ને મોતનો ભય માર્યા પછી જ સાગરમાંથી મોતી મળે છે,
તેમ સંસારની ક્ષુલ્લક વાતોથી વિમુખ બનીને
સાધના કરવાથી જ સિદ્ધિ કે સફળતા મળે છે,
સાધક, તે પછી જ સિદ્ધિ કે શાંતિ મળે છે :
તું આટલો બધો ઉતાવળો કે ઉદાસ કેમ બને છે ?

અત્યારે તને મુશ્કેલી લાગે છે, અંધકાર દેખાય છે,
પણ મુશ્કેલી અને અંધકારમાંથી પણ જે આગળ વધે છે
તેને જ આખરે ધરતીની ખાણનો ઉત્તમ ખજાનો મળે છે :
સાધક, તેને જ આખરે અંદરની દુનિયાનો ઉત્તમ ખજાનો મળે છે :
તું આટલો બધો ઉતાવળો ને ઉદાસ કેમ બને છે ?

☼ ☼ ☼ ☼ ☼

## ૮૨. વિરામ નથી

પ્રભાતના પ્રથમ પ્રહરમાં
તેં એક જ સુધાસભર સ્મિતનું દાન આપ્યું;
એમાંથી આજે અનહદ આનંદવર્ષા થઈ રહી છે.
મારી ઝોળીમાં એક જ કણ જેવું કૈંક નાખ્યું;
એના પરિણામે સંપત્તિ મારી ચિરસ્વામિની થઈ છે.
તેં પ્રેમપૂર્વક પ્રદાન કરેલા પ્રેમના અક્ષર દ્વયમાંથી
મેં અસંખ્ય અક્ષરોમાં, અનંત આલાપોમાં, ગાન ગાયું
કિન્તુ વરસોના વહેવા છતાં પણ,
વિરામ નથી.



☼ ☼ ☼ ☼ ☼

## ૮૩. અંજલિ

કેટલા દિવસ થઈ ગયા !
તમારી યાદ જરા પણ ઝાંખી થતી નથી.
કેટકેટલાં પ્રભાતો-કેટકેટલી સંધ્યાઓ !

પ્રભાતે હૃદયની અંદર જાગી ઊઠે છે;
હરેક સંધ્યાએ અનેકગણી તીવ્રતર બની જાય છે.
આવી છે તમારી યાદ !

તમને કેવી રીતે ભૂલી શકું ?
સૂર્ય ને ચંદ્ર કદાચ ઉગવાનું ભૂલી જાય,
સંધ્યા-ઉષાના ક્રમમાં પણ પરિવર્તન થાય :
છતાં પણ પ્રેમને કેમ ભૂલી શકું ?
પોતે રહીને પ્રેમથી વિહીન કેમ રહી શકું ?

જેણે જેણે પ્રેમ કર્યો છે,
લગીર પણ પ્રેમ કરી આ જીવનમાં ઉપકાર કર્યો છે,
કોઈને ભૂલી શક્યો નથી, ને ભૂલવા ચાહતો નથી તો આ તો તમે !
તમારા જેવો પ્રેમ, તમારા જેવી અલૌકિકતા, બીજે ક્યાં પામી શકું ?
અરે, તમે તો મારું હૃદય, કહો તમને શે ભૂલી શકું ?

ઈચ્છા માત્ર એટલી જ છે કે,
તમારું પાવન દર્શન પામી શકું,
સરસ સાન્નિધ્ય પ્રાપ્ત કરી શકું,
તમને કદીયે ના ગુમાવી શકું.

☼ ☼ ☼ ☼ ☼


## ૮૪. માગણી

આ અવનીપટ પર કેટલીય કૃતિઓ થઈ ગઈ,
જેમણે પોતાની પ્રતિભા તથા લીલાથી
ક્ષણવાર તમારી પ્રતિભા અને લીલાને વિસરાવી.
એવી અનેક આકૃતિ આ અવનીમાં થઈ ગઈ.
મારી કૃતિ તમારી લીલા કે પ્રતિભાનું વિસ્મરણ કરાવનારી બની બેસે
એવું નથી કહેતો; કદાપિ નહિ કહું;
કિન્તુ તમારે માટે શૃંગારને બદલે શરમ તો ના જ બને;
તમારી આ કૃતિની લીલાથી તમારી લીલા વિશેષ ઉજ્જવળ બને;
એટલું અવશ્ય માગી લઉં છું.

☼ ☼ ☼ ☼

**(સમાપ્ત)**

## About the Author



(Aug 15$^{th}$ 1921 - Mar 18$^{th}$ 1984)

Author of more than hundred books, Mahatma Shri Yogeshwarji was a self-realized saint, an accomplished yogi, an excellent orator and an above par spiritual poet and writer. In a fascinating life spanning more than six decades, Shri Yogeshwarji trod the unknown intricate path of spiritual attainments single handedly and put immense faith in the tenderheartedness of God in the form of Mother Goddess.

Shri Yogeshwarji dared to dream of attaining heights of spirituality without guidance of any embodied spiritual master and thus defied popular myths prevalent among the seekers of spiritual path. He blazed an illuminating path for others to follow.

Born to a poor Brahmin farmer in a small village near Ahmedabad in Gujarat, Shri Yogeshwarji lost his father at the tender age of nine. He was taken to a Hindu orphanage in Mumbai for further studies. However, God's wish was to make him pursue a different path. He left for Himalayas early in his youth at the age of 20 and thereafter made holy Himalayas his abode for penance for nearly two decades. During his stay there, he came across a number of known and unknown saints and sages. He was blessed by divine visions of many deities and highly illumined souls like Raman Maharshi and Sai Baba of Shirdi among others.

Yogeshwarji's experiences in spirituality were vivid, unusual and amazing. He succeeded in scaling the highest peak of self-realization resulting in direct communication with the Almighty. He was also blessed with extraordinary spiritual powers (siddhis) illustrated in ancient Yogic scriptures. After achieving full grace of Mother Goddess, he started to share the nectar for the benefit of mankind. He traveled to various parts of India as well as abroad on spiritual mission where he received enthusiastic welcome.

He wrote more than hundred books on various subjects and explored all form of literature. His autobiography 'Prakash Na Panthe' - much sought after by spiritual aspirants worldwide, is translated in Hindi as well as English. A large collection of his lectures in form of audio cassettes are also available.

For more than thirty years, Yogeshwarji kept his mother (Mataji Jyotirmayi) with him and thus became a living example of well known Sanskrit adage 'Matru Devo Bhava' (Mother is a form of God). Yogeshwarji was known among saints of his time as Matrubhakta Mahatma. Mataji Jyotirmayi left for heavenly abode in 1980 after receiving exemplary services at the hands of Yogeshwarji and Maa Sarveshwari at Bhavnagar.

Shri Yogeshwarji left his physical body on March 18th 1984, while delivering a lecture at Laxminarayan Temple, Kandiwali in Mumbai. Shri Yogeshwarji left behind him a spiritual legacy in the form of Maa Sarveshwari, who is now looking after his manifold benevolent activities.

It has been ages since we have come across a saint of Yogeshwarji's caliber and magnitude. His manifestation will continue to provide divine inspiration for the generations to come.

☼ ☼ ☼ ☼ ☼

## શ્રી યોગેશ્વરજીનું સાહિત્યિક પ્રદાન

| | |
|---|---|
| **આત્મકથા** | પ્રકાશના પંથે ▪ પ્રકાશના પંથે (સંક્ષિપ્ત) ▪ **प्रकाश □थ का यात्री** ▪ Steps towards Eternity |
| **અનુવાદ** | રમણ મહર્ષિની સુખદ સંનિધિમાં ▪ ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં ▪ હિમગીરીમાં યોગી |
| **અનુભવો** | દિવ્ય અનુભૂતિઓ ▪ શ્રેય અને સાધના ▪ **श्रेय और साधना** |
| **કાવ્યો** | અક્ષત ▪ અનંત સૂર ▪ બિંદુ ▪ ગાંધી ગૌરવ ▪ સાંઈ સંગીત ▪ સનાતન સંગીત ▪ તર્પણ ▪ Tunes unto the infinite |
| **કાવ્યાનુવાદ** | ચંડીપાઠ ▪ રામચરિતમાનસ ▪ રામાયણ દર્શન ▪ સરળ ગીતા ▪ શિવમહિમ્નસ્તોત્ર ▪ શિવ પાર્વતી પ્રસંગ ▪ સુંદર કાંડ ▪ વિષ્ણુસહસ્ત્રનામ |
| **ગીતો** | ફૂલવાડી ▪ હિમાલય અમારો ▪ રશ્મિ ▪ સ્મૃતિ |
| **ચિંતન** | બ્રહ્મસૂત્ર ▪ ગીતા દર્શન ▪ ગીતાનું સંગીત ▪ ગીતા સંદેશ ▪ ઈશાવાસ્યોપનિષદ ▪ ઉપનિષદનું અમૃત ▪ ઉપનિષદનો અમર વારસો ▪ પ્રેમભક્તિની પગદંડી ▪ શ્રીમદ્ ભાગવત ▪ યોગ દર્શન |
| **લેખ** | આરાધના ▪ આત્માની અમૃતવાણી ▪ ચિંતામણી ▪ ધ્યાન સાધના ▪ Essence of Gita ▪ ગીતા તત્વ વિચાર ▪ જીવન વિકાસના સોપાન ▪ પ્રભુ પ્રાપ્તિનો પંથ ▪ પ્રાર્થના સાધના છે ▪ સાધના ▪ તીર્થયાત્રા ▪ યોગમિમાંસા |
| **ભજનો** | આલાપ ▪ આરતી ▪ અભિપ્સા ▪ દ્યુતિ ▪ પ્રસાદ ▪ સ્વર્ગીય સૂર ▪ તુલસીદલ |
| **જીવનચરિત્ર** | ભગવાન રમણ મહર્ષિ - જીવન અને કાર્ય |
| **પ્રવચનો** | અમર જીવન ▪ કર્મયોગ ▪ પાતંજલ યોગ દર્શન |
| **પ્રસંગો** | ધૂપ સુગંધ ▪ કળીમાંથી ફૂલ ▪ મહાભારતના મોતી ▪ પરબનાં પાણી ▪ સંત સમાગમ ▪ સત્સંગ ▪ સંત સૌરભ |
| **પત્રો** | હિમાલયનાં પત્રો |
| **પ્રશ્નોત્તરી** | અધ્યાત્મનો અર્ક ▪ ધર્મનો મર્મ ▪ ધર્મનો સાક્ષાત્કાર ▪ ઈશ્વર દર્શન |
| **નવલકથા** | આગ ▪ અગ્નિપરીક્ષા ▪ ગોપીપ્રેમ ▪ કાદવ અને કમળ ▪ કાયાકલ્પ ▪ કૃષ્ણ રુકમિણી ▪ પરભવની પ્રીત ▪ રક્ષા ▪ સમર્પણ ▪ પરિક્ષિત ▪ પરિમલ ▪ પ્રીત પુરાની ▪ પ્રેમ અને વાસના ▪ રસેશ્વરી ▪ ઉત્તરપથ ▪ યોગોનુયોગ |
| **સુવાક્યો** | પરબડી ▪ સર્વમંગલ |
| **વાર્તાઓ** | રોશની |

☼ ☼ ☼ ☼ ☼

For more information
On the life & works of
**Shri Yogeshwarji**



Please visit
**www.swargarohan.org**